RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 261 Dt. 16-04-2026 Page : 08 Price : Rs 3








Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


ભાજપનો ૨૦૨૯નો માસ્ટર પ્લાન

# સંસદમાં રજુ કરાશે મહિલા અનામત બીલ

## વિપક્ષ માટે ચક્રવ્યુહ : ભાજપ સરકારને બિલ માટે સમર્થન આપશે તો વડાપ્રધાનની શાખ વધશે અને જો વિરોધ કરશે તો કોંગ્રેસ મહિલા વિરોધી ગણાશે

નવીદિલ્હી, તા. ૧૫

મોદી સરકારે મહિલા અનામત બિલને નવા ફોર્મેટમાં રજૂ કરીને વિપક્ષ સામે એક મહત્વપૂર્ણ પડકાર રજૂ કર્યો છે. આ વ્યૂહરચના ૨૦૨૯ પછી ભારતીય સત્તા માળખાને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે એક બ્લુપ્રિન્ટ છે. આ પગલા સાથે, ભાજપે વિપક્ષ સામે એક મૂંઝવણ ઉભી કરી છે: તેને ટેકો આપવાથી મોદીને શ્રેય મળશે, જ્યારે તેનો વિરોધ કરવાથી તેમને ''મહિલા વિરોધી'' તરીકે ઓળખવામાં આવશે. દરમિયાન, લોકસભા બેઠકોની સંખ્યા ૮૫૦ સુધી વધારવાનો પ્રસ્તાવ મૂકીને, સરકારે દક્ષિણ ભારતીય રાજ્યોમાં ''સત્તા ગુમાવવા'' ના ભયને દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. ઉત્તર અને દક્ષિણ વચ્ચે સંતુલન સાધવાનો આ પ્રયાસ અને મહિલાઓ માટે ૩૩% અનામતનું વચન, વિપક્ષના પ્રાદેશિક ગૌરવ અને ઓળખ રાજકારણ માટે એક મહત્વપૂર્ણ પડકાર ઉભો કરે છે.

રાજકારણમાં સમય નિર્ણાયક છે. મહિલા અનામત બિલને સીમાંકન બિલ સાથે જોડીને, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે એવી પરિસ્થિતિ ઊભી કરી છે જેણે વિપક્ષને મૂંઝવણમાં મૂક્યો છે. પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ જેવા રાજ્યોમાં ચૂંટણી પહેલા આ મુદ્દો ઉઠાવવો એ માત્ર સંયોગ નથી. તે એક ઊંડી અને ઈરાદાપૂર્વકની રણનીતિનો એક ભાગ છે. આ પગલા દ્વારા, ભાજપે માત્ર મહિલા મતદારોને આકર્ષવાનો પ્રયાસ કર્યો નથી, પરંતુ ભવિષ્યની ચૂંટણી ચર્ચાઓ માટે સૂર પણ સેટ કર્યો છે. છેલ્લા દાયકામાં, મહિલા મતદારો ભારતીય રાજકારણમાં નિર્ણાયક જૂથ તરીકે ઉભરી આવ્યા છે. મહિલાઓ હવે પુરુષો કરતાં વધુ સુસંગતતા અને સ્પષ્ટતા સાથે મતદાન કરી રહી છે. પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં, આપણે જોયું છે કે કલ્યાણકારી યોજનાઓમાં વિશ્વાસે મહિલાઓના હાથમાં સત્તાની ચાવીઓ કેવી રીતે મૂકી છે. મોદી સરકાર હવે આ વિશ્વાસને એક મોટા અને વધુ સ્થાયી માળખામાં પરિવર્તિત કરવા માંગે છે.

મહિલા અનામત બિલ રજૂ કરવાનો હેતુ હવે સ્પષ્ટ છે. સરકાર પોતાને મહિલા રાજકીય સશક્તિકરણના એકમાત્ર તારણહાર તરીકે રજૂ કરી રહી છે. જોકે ૨૦૨૯ પહેલાં આ અનામતનો વાસ્તવિક અમલ શક્ય લાગતો નથી, રાજકારણ વાસ્તવિકતા કરતાં વધુ ધારણાનો વિષય છે. ભાજપે સફળતાપૂર્વક સંદેશ આપ્યો છે કે તે મહિલાઓને મફત યોજનાઓ સુધી મર્યાદિત રાખવા માંગતો નથી, પરંતુ તેમને નીતિનિર્માણના મુખ્ય પ્રવાહમાં લાવવા માંગે છે. થોડા વર્ષો પહેલા જ્યારે આ બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું, ત્યારે વિપક્ષે સરકારની મજાક ઉડાવી હતી, અને કહ્યું હતું કે વસ્તી ગણતરી અને સીમાંકન વિના તેનો અમલ અશક્ય હશે. વિપક્ષે દલીલ કરી હતી કે તેને ૨૦૩૪ સુધી રાહ જોવી પડશે. પરંતુ હવે, કેન્દ્ર સરકારે તેમની દલીલોને ધીમી પાડી દીધી છે અને સંકેત આપ્યો છે કે તે પ્રક્રિયાને ઝડપી બનાવશે.

વિપક્ષી પક્ષો હવે મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. તેઓ આ બિલનો વિરોધ કરી શકતા નથી કારણ કે આમ કરવાથી તેઓ ''મહિલા વિરોધી'' તરીકે ઓળખાશે. જોકે, જો તેઓ બિનશરતી સમર્થન આપે છે, તો બધો શ્રેય વડા પ્રધાન મોદી અને ભાજપને જશે. આ જ કારણ છે કે વિપક્ષ હવે ઘઈઈ ક્વોટા અને સીમાંકનની તકનીકી બાબતોમાં ફસાઈ ગયો છે. તેમના પ્રતિભાવો રક્ષણાત્મક અને પ્રક્રિયાગત દેખાય છે, જ્યારે ભાજપ તેનો ઉપયોગ અત્યંત ભાવનાત્મક અને અધિકાર-આધારિત મુદ્દા તરીકે કરી રહ્યું છે.



### શું આ વખતે સંસદમાં આ બિલ પસાર થશે?

મોટો પ્રશ્ન એ છે કે શું સરકાર સંસદમાં બે તૃતીયાંશ બહુમતી મેળવી શકશે. બંધારણીય સુધારા માટે આ જરૂરી છે. હાલમાં વિપક્ષનું વલણ બહુ સહકારી લાગતું નથી. પરંતુ ભાજપ માટે, તે ''માથું જીતે, પૂંછડી જીતે'' જેવી પરિસ્થિતિ છે. જો બિલ પસાર થાય છે, તો તે તેમના માટે એક ઐતિહાસિક જીત હશે. જો બિલ સંસદીય સમિતિમાં અટવાઈ જાય અથવા વિરોધને કારણે અટકી જાય, તો ભાજપ મહિલા મતદારોમાં તેને એક મુખ્ય ચૂંટણી મુદ્દા તરીકે ઉપયોગ કરશે. તેઓ કહી શકશે કે, ''અમે પ્રયાસ કર્યો, પરંતુ વિપક્ષે મહિલાઓનો રસ્તો રોક્યો.''

ચૂંટણી પંચ પર ભડક્યા મમતા બેનરજી

# મારી ગાડી ચેક કરો છો, PMની કેમ નહીં?'

નવી દિલ્હી, તા.૧૫

પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલે મતદાન યોજાય તે પહેલા જોરદાર રાજકીય ગરમાવો ચાલી રહ્યું છે. અવારનવાર ભાજપ અને ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કરતા મુખ્યમંત્રી મમતા બેનરજીએ ફરી બંને પર ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે બુધવારે ઈસ્લામપુરમાં જનસભા સંબોધતી વખતે કહ્યું છે કે, 'મારી ગાડી ચેક કરો, જો હિમ્મત હોય તો વડાપ્રધાનની ગાડી કેમ ચેક કરતા નથી.' તેમણે આક્ષેપ કર્યો કે, 'ભાજપ કેન્દ્રીય એજન્સીઓનો ઉપયોગ કરીને ઝખઈ નેતાઓ અને કાર્યકર્તાઓને ડરાવવાનું અને દબાણ કરવાનું રાજકારણ રમી રહી છે.'

મમતા બેનરજી (ઈખ ખફળફકિં ઈફક્ષયપષિયય)ના જણાવ્યા મુજબ, દમદમ એરપોર્ટ પાસે તેમના વાહનની તપાસ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, મારી પાસે છુપાવવા માટે કંઈ નથી. તેમણે સવાલ કર્યો છે કે, 'માત્ર પસંદગીના નેતાઓઓને જ ટાર્ગેટ કેમ કરવામાં આવી રહ્યા છે? ભાજપનું રાજકારણ



માત્ર ચૂંટણી સુધી મર્યાદિત નથી, પરંતુ તેઓ બંગાળને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.'

તેમણે ભાજપને ચેતવણી આપતા કહ્યું કે, 'ધરપકડ કરવાની ધમકી અને ડરાવવાની રણનીતિ અહીં નહીં ચાલે.' તેમણે દાવો કર્યો કે, કેન્દ્રીય દળે કોલકાતા એરપોર્ટ જતી વખતે તેમના વાહનને અટકાવ્યા હતા અને તપાસ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે આક્ષેપ કર્યો કે, પશ્ચિમ બંગાળ ચૂંટણી જીતવા માટે ભાજપ કેન્દ્ર સરકારની મશીનરીનો મોટાપાયે દુરુપયોગ કરી રહ્યું છે. પશ્ચિમ બંગાળની ૨૯૪ બેઠકો માટે ૨૩ અને ૨૯ એપ્રિલે બે તબક્કામાં મતદાન યોજાવાનું છે, જ્યારે ચોથી મેએ પરિણામ જાહેર થવાનું છે.

#### અભિષેક બેનરજીને પણ વારંવાર અટકાવાયા

તૃણમૂલ કોંગ્રેસ (ઝખઈ)એ એક દિવસ પહેલા આક્ષેપ કર્યો છે કે, ચૂંટણી પંચ ટીએમસીના ટોચના નેતાઓને ટાર્ગેટ કરી રહી છે અને તેઓએ તેમના વાહનોની કડકાઈથી તપાસ કરવાનો આદેશ અપાયો છે.

સુરક્ષા કર્મચારીઓ દ્વારા ટીએમસીના નેતાઓ ખાસ કરીને અભિષેક બેનરજીને વારંવાર અટકાવી રહ્યા છે. રાજ્યમાં પાર્ટી મહાસચિવ કુણાલ ઘોષે આક્ષેપ કર્યો કે, ચૂંટણી પંચે પોતાની ફ્લાઈંગ સ્ક્વોડને આદેશ આપ્યો છે કે, ટીએમસીના તમામ નેતાઓ અને મંત્રીઓના વાહનો જાહેરમાં તપાસમાં આવે.

# દુનિયા માટે હોર્મુઝ ખોલું છું : ડોનાલ્ડ ટ્રમ્પ

## ''ચીન ખૂબ ખુશ છે કે હું હોર્મુઝ કાયમી ધોરણે ખોલી રહ્યો છું

નવી દિલ્હી, તા.૧૫

હોર્મુઝમાં અમેરિકન નાકાબંધી વચ્ચે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનને લઈને થોડા નરમ પડતા દેખાઈ રહ્યા છે. પાકિસ્તાનમાં ફરી ઈરાન સાથે બેઠક થવાના સમાચારો વચ્ચે ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મે ટ્રૂથ સોશિયલ પર મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, હું હોર્મુઝ હંમેશા માટે ખોલી રહ્યો છું. આ ચીન અને દુનિયા માટે કરી રહ્યો છું.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે, ''ચીન ખૂબ ખુશ છે કે હું હોર્મુઝ કાયમી ધોરણે ખોલી રહ્યો છું. હું આ તેમના માટે પણ કરી રહ્યો છું - અને વિશ્વ માટે પણ. આ પરિસ્થિતિ ફરી ક્યારેય ઊભી થશે નહીં. તેઓ(ચીન) ઈરાનને હથિયારો ન મોકલવા માટે સંમત થયા છે. પ્રમુખ શી જિનપિંગ જ્યારે હું થોડા અઠવાડિયામાં ત્યાં પહોંચીશ ત્યારે મને ઉમળકાભેર ગળે લગાવશે. અમે ખૂબ જ સમજદારીપૂર્વક અને સારી રીતે સાથે મળીને કામ કરી રહ્યા છીએ! શું આ લડાઈ કરવા કરતાં વધુ સારું નથી??? પરંતુ યાદ રાખજો, જો અમારે લડવું પડે, તો અમે તેમાં પણ ખૂબ કુશળ છીએ - બીજા કોઈ પણ કરતાં ઘણા ચડિયાતા!!! રાષ્ટ્રપતિ ઉઉંઝ''

આ સિવાય એક રિપોર્ટ સામે આવ્યો છે કે, વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે વધુ ૨ અઠવાડિયા સુધી સીઝફાયર લંબાવાયું છે. હોર્મુઝ અને પરમાણુ હથિયારોના મામલે બંને દેશો વચ્ચે તકરાર વધી ગઈ હતી, પરંતુ હાલના ઘટનાક્રમથી તણાવ ઓછો થવાની આશા વ્યક્ત કરાઈ રહી છે.

ન્યૂઝ એજન્સી અડના રિપોર્ટ અનુસાર, અમેરિકા અને ઈરાન વચ્ચે સીઝફાયર વધારવા મામલે મહત્ત્વની અપડેટ મળી છે. મધ્યસ્થીઓના




પ્રયાસમાં પ્રગતિ થઈ છે, કારણ કે આશા છે કે, બંને વિરોધી પક્ષ ટૂંક સમયમાં જ વાતચીત કરી શકે છે.

અમેરિકા-ઈરાને સીઝફાયર વધારવા મામલે સહમતિ પણ દર્શાવી છે. જો ફરી બંને દેશો વચ્ચે વાટાઘાટો થાય છે તો ત્રણ મુદ્દા સામેલ હશે. જેમાં પહેલો પરમાણુ કાર્યક્રમનો છે. બીજો હોર્મુઝથી જોડાયેલો અને ત્રીજો મુદ્દો વળતરને લઈને હશે.

# વિપક્ષ મહિલા અનામત બિલના સમર્થનમાં : ખડગે

## બિલ સાથે જોડવામાં આવેલી સીમાંકન પ્રક્રિયાના તદ્દન વિરોધમાં છીએ : જયરામ રમેશ



નવી દિલ્હી, તા.૧૫

દેશની લોકશાહીમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટેના બિલ 'નારી શક્તિ વંદન અધિનિયમ' પર ભારે રાજકારણ શરૂ થઈ ગયું છે. આ બિલ મુદ્દે આજે વિપક્ષની બેઠક યોજાઈ હતી, ત્યારબાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું છે કે, અમે મહિલા અનામત બિલના સમર્થમાં છીએ, પરંતુ તેને લાગુ કરવાની સરકારની નીતિમાં જ ખોટ છે.

ખડગેએ વિપક્ષોની બેઠક બાદ કહ્યું કે, 'વિપક્ષની તમામ પાર્ટીએ મહિલા અનામત બિલના સમર્થનમાં છે, પરંતુ કેન્દ્ર સરકાર પોતાના રાજકીય ફાયદા માટે તે બિલ લઈને આવી છે. અમે હંમેશા આ બિલનું સમર્થન કર્યું છે, પરંતુ તે બિલ જૂના ફેરફારો સાથે લાગુ કરવામાં આવે, તેવી અમારી માંગ છે. સરકાર દેશમાં જનગણના અને સીમાંકનના નામે દાવ રમી રહી છે. ભાજપ સરકાર કાર્યપાલિકાનો ઉપયોગ કરીનેબંધારણની તે શક્તિઓ છિનવી રહી છે, જે સંસદ અને સંસ્થાઓ પાસે હોવી જોઈએ. તેમણે અગાઉ આસામ અને જમ્મુ-કાશ્મીરમાં સીમાંકન કરીને અમને દગો આપ્યો છે. તેથી વિપક્ષ બિલના વર્તમાન નિયમોના વિરુદ્ધમાં સંસદમાં વિરોધ કરશે.' બીજીતરફ કોંગ્રેસ નેતા જયરામ રમેશે કહ્યું કે, 'દેશમાં મહિલા અનામત તાત્કાલીક લાગુ કરવું જોઈએ અને અમે તેના સમર્થનમાં છીએ, પરંતુ અમે બિલ સાથે જોડવામાં આવેલી સીમાંકન પ્રક્રિયાના તદ્દન વિરોધમાં છીએ.' તેમનું કહેવું છે કે, કેન્દ્ર સરકાર મહિલા અનામત બિલ લાવવા માંગે છે, પરંતુ તેમના અધિકારો લાંબા સમય સુધી ટાળવા માગે છે, તેથી જ તેઓ અનામત બિલને સીમાંકન અને વસ્તી ગણતરીની શરતોમાં ગૂંચવીને મોટો દાવ રમી રહી છે. વિપક્ષ મહિલાઓને અધિકાર આપવા માંગે છે, પરંતુ બિલ પાછળ સરકારની નીતિના કારણે તેના વિરોધમાં છે.

### નારી શક્તિ વંદન અધિનિયમનો વિરોધ કેમ ચાલી રહ્યો છે?

લોકસભા અને રાજ્યોની વિધાનસભાની ૩૩ ટકા બેઠકો માત્ર મહિલાઓ માટે અનામત રાખવા માટે નારી શક્તિ વંદન અધિનિયમ લાવવામાં આવ્યું છે. સરકારનું કહેવું છે કે, તેઓ દેશના રાજકારણમાં મહિલાઓની ભાગીદારી વધારવાના હેતુસર આ બિલ લાવી છે. જોકે બીજીતરફ સરકારે બિલ લાગુ કરવા બે મોટી શરતો જોડી દીધી છે, જેમાં (૧) દેશમાં નવી વસ્તી ગણતરી કરવામાં આવશે અને (૨) તે ગણતરીના આધારે બેઠકોનું નવું સીમાંકન કરવામાં આવશે. વિપક્ષનું કહેવું છે કે, આવી ગૂંચવાયેલી શરતોના કારણે બિલ અનેક વર્ષો સુધી લાગુ થશે નહીં અને મહિલાઓ લાંબા સમય સુધી તેમના અધિકારીઓથી વંચિત રહેશે.

## ૨૫૦ ડૂબ્યા : રોહિંગ્યા - બાંગ્લાદેશી લોકો હતા સવાર

# આંદામાન સમુદ્રમાં બોટ પલટી

નવીદિલ્હી, તા. ૧૫

મ્યાનમારમાં રોહિંગ્યા મુસ્લિમો સામે વ્યવસ્થિત સાંપ્રદાયિક હિંસા અને નરસંહાર જોવા મળ્યો છે. લાખો રોહિંગ્યા મુસ્લિમો કાયદેસર અને ગેરકાયદેસર રીતે વિશ્વભરમાં આશ્રય શોધ્યો છે. આ શરણાર્થીઓમાંની એક નોંધપાત્ર સંખ્યા બાંગ્લાદેશમાં રહે છે. ગયા અઠવાડિયે, બાંગ્લાદેશથી મલેશિયા જઈ રહેલી રોહિંગ્યા અને બાંગ્લાદેશીઓને લઈ જતી એક હોડી આંદામાન ટાપુઓ નજીક પલટી ગઈ હતી, જેમાં ૨૫૦ લોકો ગુમ થયા હતા. તેમાં બાળકો પણ હતા.

મીડિયા અહેવાલો સૂચવે છે કે ખરાબ હવામાન પલટીનું કારણ બની શકે છે. સંયુક્ત રાષ્ટ્ર (યુએન) એજન્સીઓએ જણાવ્યું છે કે ભારે પવન, ઊંચા મોજા અને ઓવરલોડિંગ મુખ્ય પરિબળો હોઈ શકે છે. પલટી જવાની ચોક્કસ તારીખ હજુ પણ સ્પષ્ટ નથી. ભારતીય કોસ્ટ ગાર્ડે અહેવાલ આપ્યો હતો કે ૯ એપ્રિલના રોજ, બાંગ્લાદેશના ધ્વજવાળી બોટે નવ લોકોને બચાવ્યા હતા જેઓ દરિયામાં તણાઈ ગયા હતા અને તરતા રહેવા માટે ડ્રમ અને લાકડાના ટુકડા જેવી વસ્તુઓનો ઉપયોગ કરી રહ્યા હતા. બચાવાયેલા લોકોમાંથી એક, રફીકુલ ઈસ્લામે જણાવ્યું હતું કે તેઓ બચાવ્યા પહેલા લગભગ



૩૬ કલાક સુધી પાણીની અંદર હતા. તેમણે કહ્યું કે તેલ લીક થવાથી બોટ બળી ગઈ હતી. ૪૦ વર્ષીય રફીકુલે મલેશિયામાં કામ શોધવાની આશામાં હોડી પર સફર કરી હતી. સંયુક્ત રાષ્ટ્રના શરણાર્થીઓ માટેના ઉચ્ચ કમિશનર (ઞગઈઈછ) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે હોડી દક્ષિણ બાંગ્લાદેશના ટેકનાફથી મલેશિયા જવા રવાના થઈ હતી. ભારે પવન, તોફાની દરિયો અને વધુ પડતા લોકો હોવાને કારણે હોડી પલટી ગઈ. પ્રાથમિક માહિતી અનુસાર, હોડીમાં લગભગ ૨૮૦ લોકો હતા અને તે ૪ એપ્રિલે બાંગ્લાદેશથી રવાના થઈ હતી.

# નારી શક્તિ વંદન અધિનિયમ ઈતિહાસનું ક્રાંતિકારી પગલું : CM

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજાયું નારીશક્તિ વંદન સંમેલન : વિકસિત ભારત- ૨૦૪૭ ધ્યેય હેઠળ વુમન લેડ ડેવલપમેન્ટ માટે અડગ સંકલ્પ સાથે આયોજિત સંમેલનને નારીશક્તિનો બહોળો પ્રતિસાદ



ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં યોજાયેલા 'નારી શક્તિ વંદન સંમેલન'ના અધ્યક્ષ સ્થાનેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વિમેન લેડ ડેવલપમેન્ટ દ્વારા વિકસિત ભારત ૨૦૪૭નું નિર્માણ કરીને નારી શક્તિની સહભાગિતાનો નવો ઈતિહાસ વિધાનસભાથી લઈને સંસદ સુધી મહિલાઓની ૩૩ ટકા ભાગીદારીથી રચાય તે માટે આ બિલ સમયસર અમલમાં લાવવાની વડાપ્રધાનની નેમ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, નીતિ-નિર્ધારણની પ્રક્રિયામાં મહિલાઓની નિર્ણાયક ભૂમિકાથી શાસન વ્યવસ્થામાં વધુ સંવેદનશીલતા, પારદર્શિતા અને સંતુલન આવશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનની પ્રેરણાથી ૨૦૨૩માં નારી શક્તિ વંદન અધિનિયમ પસાર ૨૧મી સદીના ભારતના ઈતિહાસમાં આ વર્ષ સુવર્ણ અક્ષરે લખાયું છે. સંસદના બંને ગૃહોમાં પસાર થયેલો 'નારી શક્તિ વંદન અધિનિયમ' માત્ર મહિલા અનામતનો કાયદો નથી, પરંતુ રાજકીય ફલક પર ક્રાંતિ લાવનારો ઐતિહાસિક દસ્તાવેજ છે તેમ તેમણે ઉમેર્યુ હતુ.

વડાપ્રધાન નારી શક્તિ વંદન અધિનિયમ દ્વારા મહિલા સશક્તિકરણ ક્ષેત્રે મહત્વનું પગલું ભરવા જઈ રહ્યા છે. આ માટે સંસદનું વિશેષ સત્ર ત્રણ દિવસ માટે યોજાવાનું છે. ભારતીય સંસ્કૃતિમાં નારીને હંમેશા પૂજનીય સ્થાન આપવામાં આવ્યું છે અને આ અધિનિયમ તેને નવી ઊંચાઈઓ પર લઈ જશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાનના માર્ગદર્શનમાં ગુજરાત હંમેશા મહિલાલક્ષી નીતિઓ અને નારી સશક્તિકરણનું પ્રણેતા રહ્યું છે. રાજ્યમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રમાં થયેલી ક્રાંતિની સફળતા પાછળ પરિશ્રમી બહેનોનો સિંહફાળો છે.

તેમની જ પ્રેરણાથી રાજ્યમાં એક દાયકા પહેલા જ પંચાયતી રાજ વ્યવસ્થામાં મહિલાઓને ૫૦ ટકા અનામત આપીને સ્થાનિક સ્વરાજમાં નિર્ણાયક ભૂમિકા આપવામાં આવી છે.

વડાપ્રધાનના નેતૃત્વ અને માર્ગદર્શનમાં મહિલાઓના સામાજિક-આર્થિક ઉત્થાન માટેની વિવિધ યોજનાઓની ભૂમિકા આપતા કહ્યું કે, લાખો બહેનોએ સખી મંડળો દ્વારા આત્મનિર્ભર બની માઈક્રો એન્ટરપ્રિન્યોર તરીકે પોતાની આગવી ઓળખ બનાવી છે. ગંભીર બીમારીઓ સામે ક્ખઉંઅઢનું સુરક્ષા કવચ અને ઉજ્જ્વલા યોજના થકી ધુમાડા મુક્ત રસોડા જેવી અનેક મહિલાલક્ષી યોજનાઓએ તેમના સ્વાસ્થ્ય અને જીવનધોરણમાં સુધારો કર્યો છે.

ગરીબ અને મધ્યમ વર્ગ માટે આશીર્વાદરૂપ આ ક્ખઉંઅઢ યોજનામાં સારવાર બાદ ઘરે જવા માટે પણ સરકાર રૂ. ૩૦૦ની સહાય આપે છે. નમો ડ્રોન દીદી અને લખપતિ દીદી જેવી નવીન યોજનાઓ દ્વારા દેશની કરોડો બહેનોને આર્થિક સ્વાતંત્રતા અને ગૌરવપૂર્ણ જીવન મળ્યું છે.

કેન્દ્ર સરકારની દરેક યોજનાના કેન્દ્રસ્થાને છેવાડાના માનવી અને નાના માણસોનું આત્મસન્માન રહેલું છે. કેન્દ્ર સરકારની ગરીબ કલ્યાણલક્ષી અનેક યોજનાઓના પરિણામે ૨૫ કરોડ જેટલા લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે તેમ તેમણે ઉમેર્યુ હતું. 'સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના પ્રયાસ'ના મંત્ર સાથે વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના નિર્માણમાં નારી શક્તિ ખભેખભા મિલાવીને આગળ વધશે તેવો વિશ્વાસ આ તકે મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. પરિવારમાં માતા, દીકરી કે પત્ની કોઈપણ ભૂમિકામાં નારી હંમેશા મક્કમતાથી ઉભી રહે છે. આ નારી શક્તિ વંદન અધિનિયમના પરિણામે હવે રાજ્ય અને દેશના વિકાસમાં યોગદાન આપતી થશે અને વિકસિત ભારત માટે 'વિકસિત ગુજરાત'નું લક્ષ્ય પણ સાકાર થશે તેમાં શંકાને સ્થાન નથી.

### મહિલાઓનું યોગદાન માર્ગદર્શક સમાન

નારીશક્તિ વંદન સંમેલનમાં પોતાના વિચારો રજૂ કરતા ગાંધીનગરના મેયર મીરાબેન પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના વિકાસમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની મહત્વપૂર્ણ ભૂમિકાની સાથે આ વિકાસ યાત્રામાં મહિલાઓનું યોગદાન માર્ગદર્શક તરીકેનું છે. આજે રાજ્યમાં મહિલાઓ શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ, સેવા, સ્ટાર્ટઅપ અને શાસન ક્ષેત્રમાં સક્રિય રીતે આગળ વધી રહી છે એટલું જ નહીં પણ તેઓ પોતાના વિકાસની સાથે સમગ્ર રાજ્યની પ્રગતિમાં સહભાગી બની છે.

### સમાજના સર્વાંગી વિકાસમાં નારી શક્તિ અનિવાર્ય

જ્યારે મહિલાઓને યોગ્ય તક અને પ્રોત્સાહન મળે છે, ત્યારે તેઓ સમાજમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે છે. મહિલાઓના અધિકાર અને સન્માનના મહત્વ પર ભાર મૂકતા ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલે જણાવ્યું હતું કે, સમાજના સર્વાંગી વિકાસમાં નારીશક્તિની ભૂમિકા અનિવાર્ય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત હંમેશા શિક્ષણ, આરોગ્ય અને રોજગારી ક્ષેત્રે મહિલાઓને પ્રોત્સાહન આપવામાં અગ્રેસર રહ્યું છે. હાલમાં ગુજરાતમાં ચાલી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહિલાઓ મોટી સંખ્યામાં ઉમેદવારી કરી રહી છે, જે રાજ્ય માટે ગર્વની વાત છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ મહિલા સશક્તીકરણને વધુ વેગ મળશે અને મહિલાઓ રાજકીય ક્ષેત્રે પણ પોતાની પ્રતિભા સાબિત કરી રહી છે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

### ભારતીય મહિલાઓમાં વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવાની ક્ષમતા

આ પ્રસંગે વુમન એમ્પાવરમેન્ટ અને ગ્લોબલ બિઝનેસ વિઝન પર ભાર મૂકતાં ત્ર્ઈઈઈઈ મહિલા વિંગ અમદાવાદના ચેરપર્સન ઉષા જયસ્વાલે કહ્યું હતું કે, મહિલાઓ માટે વ્યવસાય માત્ર નફો કમાવવાનું સાધન નથી, પરંતુ મૂલ્ય નિર્માણ અને સમાજ સાથે જોડાવાનો માર્ગ છે. ભારતીય મહિલા ઉદ્યોગસાહસિકોમાં વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવાની સંપૂર્ણ ક્ષમતા રહેલી છે. આજે મહિલાઓ માત્ર સહભાગી નથી, પરંતુ લીડર્સ અને ચેન્જ મેકર્સ બની છે. કાર્યક્રમમાં ઈઅઘઞ ના વાઈસ ચાન્સેલર ડો. અમી ઉપાધ્યાય, ઉદ્યોગ સાહસિક તૃપ્તિ જૈન અને પારૂ જયક્રિષ્ના સહિત મોટી સંખ્યામાં વિવિધ ક્ષેત્રની મહિલાઓ અને સખી મંડળની બહેનો ઉપસ્થિત રહી હતી.

## માણસોના હજારો રંગ બદલતા પણ જોયા છે મેં....

આ રચના જેની પણ હોય જેણે લખી છે એ વ્યક્તિને સલામ છે ખૂબ સચોટ છે.અને સત્ય છે

બેજુબાન પથ્થર પર
લાખોનાં ઘરેણાં
લટકતાં જોયાં છે મેં.

અને મંદિરની સીડી પર
એક રૂપિયા માટે તરસતું
દેશનું ભવિષ્ય પણ
જોયું છે મેં.

સજાવ્યા છપ્પન ભોગ
અને મીઠા મેવાઓ
એક ''મૂર્તિ ''ની સામે,

મંદિરની બહાર એક માનવને
ભૂખથી તડપતો
જોયો છે મેં.

ઓઢાડેલી છે
રેશમી ચાદરો તે
મજાર પર,

બહાર એક
વૃદ્ધ માતાને ઠંડીથી
થર થર કાંપતી
જોઈ છે મેં.

મૂર્ખ દઈ આવ્યો છે
લાખો રૂપિયા મંદિર
નિર્માણ માટે,

એના જ ઘરમાં
માત્ર ૫૦૦ રૂપિયા માટે
કામવાળી બાઈને બદલતાં
જોઈ છે મેં.

સાંભળ્યું છે ચડ્યો છે
મંદિરનાં પગથિયાં
તેના દુઃખના નિવારણ માટે,

એના જ માબાપને
અનાથાશ્રમમાં,
રડતાં કકળતાં પણ જોયાં છે મેં.

સળગાવતા રહ્યા તે
અખંડ જ્યોત સાચા દેશી ઘી થી,

ગરીબ ભૂખ્યા તરસ્યા
બટકું રોટલા માટે
ઝગડતા જોયા છે મેં.

જેણે નથી આપી
મા,બાપને ભરપેટ
રોટલી ક્યારેય

આજ અચાનક તેને
સમાજમાં સમૂહભોજન
કરાવતા જોયા છે મેં.

કહેવા માટે શબ્દો પણ
ઓછા પડે છે મારા હવે,

માણસોના હજારો
રંગ બદલતા પણ
જોયા છે મેં.

# મામલતદારના આપઘાતની તપાસ હાઈકોર્ટ પાસે કરાવોઃ ગોહિલ

## સત્તાધારી ભાજપના મોટા માથા દ્વારા સતત દબાણ હેઠળ ઉમરગામના મામલતદારે આપઘાત કર્યાનો આરોપઃ સીસીટીવી તેમજ કોલ ડીટેલ ચકાસવા માંગ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારી વચ્ચે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ઉમરગામ તાલુકાના મામલતદાર અને ચૂંટણી અધિકારી ડી.સી. બ્રહ્માંકછ (દલપતભાઈ છોટુભાઈ બ્રહ્માંકછ)એ સોમવારે રાત્રે ઉમરગામ રેલ્વે સ્ટેશન પાસે ટ્રેન સામે ઝંપલાવીને આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું છે.આ બનાવની હાઈકોર્ટ દ્વારા તપાસ કરાવવા રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલે માંગ કરી છે.

તેઓના જણાવ્યા અનુસાર પોલીસે અકુદરતી મૃત્યુનો કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બ્રહ્માંકછ ધરમપુર તાલુકાના શેરીમલ ગામના વતની હતા અને તેઓ એકલા રહેતા હતા. ઘટના રાત્રે લગભગ ૧૧:૪૦ વાગ્યે બની હતી, જ્યારે તેઓ ઘરેથી રેલ્વે ટ્રેક પર આવ્યા અને આવતી ટ્રેન સામે કૂદી પડ્યા હતા.



આ ઘટના સ્થાનિક વહીવટી અને રાજકીય વર્તુળોમાં ભારે હલચલ મચાવી છે. કોંગ્રેસના રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે આ મામલે ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે કહ્યું કે, ચૂંટણી કામગીરી દરમિયાન વિરોધ પક્ષના ઉમેદવારોના નામાંકન ફોર્મ રદ્દ કરવા માટે સત્તાધારી ભાજપના મોટા નેતાઓ દ્વારા મામલતદાર પર સતત દબાણ કરવામાં આવ્યું હતું તેવો શક્તિસિંહ ગોહીલનો આક્ષેપ છે.

ગોહિલે વધુમાં જણાવ્યું કે, નામાંકન ફોર્મની ચકાસણી વખતે મામલતદારે નીતિમત્તા દર્શાવી હતી, પરંતુ દબાણ એટલું વધી ગયું કે તેઓ આત્મહત્યા જેવું પગલું ભરવા મજબૂર બન્યા. તેમણે હાઈકોર્ટના સીટિંગ જજ દ્વારા સમગ્ર પ્રકરણની તપાસ કરાવવાની માંગ કરી છે અને ફોન કોલ ડેટા તેમજ સીસીટીવી ફૂટેજની તપાસ કરીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની અપીલ કરી છે. સ્થાનિક સ્તરે પણ આ ઘટના અંગે આઘાત વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. મામલતદાર ચૂંટણી કામગીરીમાં રાત-દિવસ વ્યસ્ત રહેતા હતા અને જાહેર મંચ પર આપઘાત વિરુદ્ધ જાગૃતિ ફેલાવતા હતા. તેમ છતાં

અગમ્ય કારણોસર આ પગલું ભર્યું હોવાનું કહેવાય છે. પોલીસ તપાસમાં હજુ સુધી આપઘાતનું સ્પષ્ટ કારણ સામે આવ્યું નથી, પરંતુ નામાંકન ફોર્મની ચકાસણી દરમિયાનના તણાવને કારણે આ ઘટના બની હોવાની અટકળો લગાવવામાં આવી રહી છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ૨૬ એપ્રિલે યોજાવાની છે, જેમાં નામાકન પ્રક્રિયા હાલમાં ચાલુ છે. વહીવટી અધિકારીઓ અને રાજકીય પક્ષો વચ્ચેના સંબંધો અને ચૂંટણી કામગીરી દરમિયાનના દબાણ અંગેના આરોપો વધુ તીવ્ર બન્યા છે. આ મામલે વધુ તપાસ થાય અને સત્ય સામે આવે તેવી અપેક્ષા છે.

## NEETમાં સારા માકર્સ મેળવી ગુજરાતની પ્રથમ ક્રમાંકની કોલેજમાં એડમિશન મળ્યાના પાંચ મહિનામાં જિંદગી ટુંકાવીઃ સ્યુસાઇડ નોટ મળી

# બી.જે. મેડિકલ કોલેજમાં MBBSની વિદ્યાર્થિનીનો આપઘાત

અમદાવાદ, તા.૧૫

અમદાવાદની પ્રતિષ્ઠિત બી.જે. મેડિકલ કોલેજમાં પ્રથમ વર્ષની એમબીબીએસ વિદ્યાર્થિની જીયા ડાકી (૧૯ વર્ષ)એ સોમવારે બપોરે હોસ્ટેલના રૂમમાં ફાંસી લઈને આત્મહત્યા કરી લીધી. તેણે પોતાના માતા-પિતા માટે ત્રણ પાનાની હાથથી લખેલી સુસાઇડ નોટમાં પોતાને 'નિષ્ફળ' કહીને એકલતા અને મિત્રો ન બનાવી શકવાની વાત કરી હતી.

જીયા ડાકી કેશોદ (જુનાગઢ)ની રહેવાસી હતી. ગુજરાતની એક અગ્રણી મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. આશરે પાંચ મહિના પહેલાં તે શાહીબાગના દેવી ગર્લ્સ હોસ્ટેલના રૂમ નંબર ૫૨૭માં રહેવા આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, તે કલાસમાં નિયમિત હતી, પરંતુ અંદરથી માનસિક તકલીફમાં હતી.



શાહીબાગ પોલીસના ઇન્સ્પેક્ટર જે.એચ. સિંધવે જણાવ્યું કે, રૂમમાં તપાસ કરતાં એક ડાયરીમાં ત્રણ પાનાની હાથથી લખેલી નોટ મળી આવી. તેમાં તેણે પોતાને ''રફશહીયિ' કહ્યું અને એકલતા અનુભવવાની વાત કરી. તેણે કોઈને દોષી ઠેરવ્યું નથી. મિત્રોના કહેવા પ્રમાણે તે ઇન્ટ્રોવર્ટ પ્રકૃતિની હતી અને અન્યો સાથે જલદી મિત્રતા કરી શકતી ન હતી.

પોલીસે આ કેસમાં આકસ્મિક મૃત્યુનો કેસ નોંધ્યો છે. હાલમાં કોઈ પરીક્ષા નહોતી કે આગામી દિવસોમાં પણ કોઈ પરીક્ષાનું શેડયુલ નહોતું. આ ઘટનાએ મેડિકલ વિદ્યાર્થીઓમાં માનસિક તણાવ અને એકલતાના મુદ્દાને ફરી એક વાર સામે લાવી દીધો છે. કોલેજ અધિકારીઓએ હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

# બોર ડૂકી ગયા: અનેક વિસ્તારોમાં પાણીના ટેન્કર દોડવા લાગ્યા

## વેસ્ટઝોનના ૧૬ વિસ્તારમાં ૨૮,૨૭૭ ફ્લેટ ધારકોને ૩,૬૦,૦૦૦ લીટર પાણીનુ ટેન્કર દ્વારા વિતરણ : ઈસ્ટ ઝોનનમાં ગંભીર સ્થિતિ

રાજકોટ, તા. ૧૫

રાજકોટમાં એક તરફ શહેરના દરેક વિસ્તારમાં પુરતા ફોર્સથી ૨૦ મિનિટ પાણી મળી રહે અને ઉનાળામાં પાણીની બુમરાણ ન ઉઠે તે માટે સૌની યોજના હેઠળ નર્મદાના નીર દ્વારા આજી અને ન્યારી ડેમમાં પાણી ઠલવવામાં આવી રહ્યું છે. એક તરફ ઉનાળો હેમખેમ પસાર થઇ જાય તે માટે મહાનગરપાલિકા દ્વારા આગોતરૂં આયોજન કરવામાં આવે છે. બીજી બાજુ શહેરના ચારે તરફ વિકાસ વચ્ચે પાણીની જરૂરિયાત અને માંગ પણ વધી રહી છે. ચારે દિશામાં ફેલાઇ રહેલા શહેરના હાર્દસમા વિસ્તારો સાથે છેવાડાના અનેક વિસ્તારોમાં ટેન્કર અને ટ્રેક્ટર દ્વારા પાણી વિતરણની માંગ વધી રહી છે. શહેરના હાઇરાઇઝડ બિલ્ડિંગોમાં કરવામાં આવેલા બોર ડુકી ગયા છે અને ભૂતળ પણ ઉંડા ઉતરી જતાં બોરના પાણી દુષિત બની રહ્યા છે. શહેરના અનેક વિસ્તારોમાં બોરના પાણી પીવાલાયક રહ્યા નથી આમા મહાનગર પાલિકાની આવાસ યોજનાઓનો પણ સમાવેશ થાય છે. બોર ડુકી જવાના કારણે કે પછી બોરના પાણી દુષિત થવાના કારણે ટેન્કર દ્વારા પાણી વિતરણની માંગ વધી રહી છે.



હાઈરાઈઝડ બિલ્ડિંગોમાં બોર ડુકી ગયા : છેવાડાના વિસ્તારોમાં પાઈપ લાઈનના અભાવે પાણીની હાલાકી

જ્યાં સૌથી વધુ હાઇરાઇઝડ બિલ્ડિંગો છે તેવા વેસ્ટઝોનના અલગ અલગ ૧૬ વિસ્તારમાં મહાનગરપાલિકાની આવાસ યોજના સહિત અંદાજે ૨૮,૨૭૭ ફલેટધારકોને ટેન્કરના ૭૧ ફેરા દ્વારા ૩,૬૦,૦૦૦ લીટર પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. સૌથી વધુ ખરાબ હાલત ઈસ્ટ ઝોનમાં છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં પરિસ્થિતિ સામાન્ય છે.ઉનાળાના પ્રારંભ પહેલા જ મહાનગરપાલિકા દ્વારા શહેરના ત્રણેય ઝોનમાં ટેન્કર અને ટ્રેક્ટર દ્વારા પાણી વિતરણના ટેન્ડર પ્રસિધ્ધ કરી દેવામાં આવ્યા હતા. તો બીજી તરફ રાજ્ય સરકારને પત્ર લખીને આગોતરા આયોજન રૂપે નર્મદા નીરથી આજી અને ન્યારી ડેમ ભરી દીધા છે. પણ, આ બન્ને જળાશયો સતત વિકસી રહેલા રાજકોટને પાણી પુરૂ પાડવા સક્ષમ નથી. આથી મહાનગરપાલિકાને દર વર્ષે શહેરના વિકસિત વિસ્તારો તેમજ હાઇરાઇઝડ બિલ્ડિંગો, ફ્લેટ ધારકોની માગણી મુજબ પાંચ અને દસ હજાર લીટરના ટેન્કર અને ટ્રેક્ટર દ્વારા પાણી વિતરણ કરવું પડે છે.

શહેરના વેસ્ટઝોનમાં આવેલા અલગ અલગ વિસ્તારોમાં પાંચ હજાર લીટર ટેન્કર દ્વારા પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. આમાં રંગોલી પાર્ક આવાસ યોજનામાં ૧૧૬૪ ફ્લેટ ધારકોને ૩૫ ટેન્કર દ્વારા, ગોકુલમ હાઉસિંગ કો. ઓ. સોસાયટીના ૨૦૦ ફ્લેટ ધારકોને છ ટેન્કર દ્વારા હિલટોન બીલેવ્યુના ૫૬ ફ્લેટ ધારકોને બે ટેન્કર , કૈલાશપાર્કના ૨૮ ફ્લેટ ધારકોને એક ટેન્કર, સવન સ્ટેટસ ફ્લેટ્સના ૧૭૬ ફ્લેટ ધારકોને છ ટેન્કર દ્વારા આદર્શ ટાવર હાઉસિંગ સોસાયટીના ૨૭ ફ્લેટ ધારકોને એક ટેન્કર દ્વારા, શ્રી હાઉસિંગ કો. ઓ. સોસાયટીના ૨૨૪ ફ્લેટ ધારકોને સાત ટેન્કર દ્વારા, એક્વાબ્લ્યુ એન્ટરપ્રાઈઝના ૮૮ ફ્લેટ ધારકોને ૩ ટેન્કર દ્વારા, તપોવન રેસિડેન્સીના ૩૦ ફ્લેટધારકોને એક ટેન્કર દ્વારા, ધ ટેમ્પલ ક્લબના ૪૮ ફ્લેટ ધારકોને પાંચ પાંચ હજાર લીટરના બે ટેન્કર દ્વારા પાણી વિતરણ કરવામાં આવે છે. આવી જ રીતે વોર્ડ નં.૧૧માંજ અલગ અલગ વિસ્તારોમાં આવેલા છ ફ્લેટ અને હાઈરાઈઝડ બિલ્ડિંગોના ૨૬૬ ફ્લેટ ધારકોને પણ પાંચ હજાર લીટરના નવ ટેન્કરો દ્વારા પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. આમાં વ્હાઈટ હેવનના ૪૮ ફ્લેટ ધારકોને બે ટેન્કર, ગ્રીન ફિલ્ડ ગાર્ડન ટાવર એ અને બી ના ૫૨ ફ્લેટ ધારકોને બે ટેન્કર તેમજ ગ્રીન ફિલ્ડ ટાવર એ અને સી ના ૨૬ ફ્લેટ ધારકોને એક ટેન્કર દ્વારા, અમી વર્ષા અને આસો પાલવ સોસાયટીના ૧૧૨ ફ્લેટ ધારકોને ૪ ટેન્કર દ્વારા, નારાયણનગર પ્લોટ હોલ્ડર્સના ૧૮ રહેવાસીઓને એક ટેન્કર દ્વારા તેમજ સન સિટી રેસિડન્સી અને ડાયમંડ પાર્કના ૧૦ ફ્લેટ ધારકોને પાંચ હજાર લીટરના એક ટેન્કર દ્વારા પાણી વિતરણ કરવામાં આવે છે.

પાણીની સૌથી ગંભીર પરિસ્થિતિ ઈસ્ટ ઝોન વિસ્તારમાં છે. ઈસ્ટ ઝોન હેઠળ આવેલા વોર્ડ નં.૧૮ એક જ એવો વોર્ડ છે જે સેન્ટ્રલ ઝોન જેવડો વિસ્તાર ધરાવે છે. આ વોર્ડમાં પાણીની ડિમાંડ સૌથી વધુ છે. ઈસ્ટ ઝોનમાં આવેલા અનેક મફતીયા પરા, ઝુપડ પટ્ટી વિસ્તારો અને વિકસિત વિસ્તારોમાં હજી પાણીની પાઈપલાઈન પહોંચી નથી. મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ વિસ્તારોમાં મુકાયેલી ડંકીઓ પણ ડુકી ગઇ છે. આથી ઈસ્ટ ઝોનમાં ઉનાળા દરમિયાન પાણીની સૌથી ગંભીર પરિસ્થિતિ સર્જાય છે. મહાનગરપાલિકા ઈસ્ટ ઝોનના વિસ્તારોમાં ઉનાળા દરમિયાન ટેન્કર અને ટ્રેક્ટર દ્વારા નિયમિત પાણી મળી રહે તે માટે આયોજન કરવામાં નિષ્ફળ રહી છે. આ કારણે ઈસ્ટ ઝોનમાં પાણીની બુમરાણ સૌથી વધુ છે. અનેક વિસ્તારોમાં મહાનગર પાલિકાએ ટેન્કર અને ટ્રેક્ટર દ્વારા પાણી વિતરણ કરવા એજન્સીઓને આદેશ આપી દીધો છે પણ, એજન્સીઓ દ્વારા ટેન્ડરની શરતોનું પાલન કરતી ન હોય તેમ ઈસ્ટ ઝોનના મંછાનગર સહિતના વિસ્તારોમાં ટેન્કર અને ટ્રેક્ટર દ્વારા પણ પુરૂં પાણી મળતું ન હોવાની ફરિયાદો ઉઠી રહી છે. જ્યારે સેન્ટ્રલ ઝોનના મોટાભાગના વિસ્તારોમાં પાઈપલાઈન પથરાયેલી હોય પાણીની ખાસ કોઈ બુમરાણ ઉઠી નથી. પણ, મહાનગર પાલિકા દ્વારા અપાતું પાણી દુષિત અને ઓછા દબાણથી આવી રહ્યાની ફરિયાદો સામાન્યરીતે ઉઠી રહી છે.

# નાગેશ્વર વિસ્તારમાં ફરી એકવાર રોડ નહીં તો વોટ નહીંનુ એલાન

## પ્રાથમિક સુવિધાના અભાવથી ત્રસ્ત નાગરિકોના ઉગ્ર રોષ સાથે દેખાવો



રાજકોટ , તા. ૧૫

વોર્ડ નંબર એકમાં આવેલા નાગેશ્વર વિસ્તારમાં છેલ્લા છ વર્ષથી પ્રાથમિક સુવિધાઓનો ધરખમ અભાવ જોવા મળી રહ્યો છે. કોર્પોરેશનમાં ભળ્યા છતાં પણ વિકાસથી વંચિત રહેલા આ વિસ્તારના નાગરિકોએ એકજુથ થઈ રેલી કાઢી મહાનગરપાલિકા અને જન પ્રતિનિધિઓને જગાડવાનો પ્રયાસ કર્યો હતો. સાથોસાથ ફરી એકવાર રોડ નહીં તો વોટ નહીં નું એલાન આપ્યું છે. રહેવાસીઓના જણાવ્યા મુજબ, નાગેશ્વર લેવા સમિતિ શાંતિ નગર અને નાગેશ્વર માટે ડામર રોડની ગ્રાન્ટ એકસાથે મંજૂર થઈ હતી. જોકે, શાંતિનગરમાં રોડનું કામ પૂર્ણ થઈ ગયું છે, જ્યારે નાગેશ્વર વિસ્તાર હજુ પણ રોડ વિહોણો છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ગ્રાન્ટ મંજૂર હોવા છતાં કોન્ટ્રાક્ટરને નાણાં ન મળતા કામ અટકેલું છે.

આ બાબતે પૂર્વ કોર્પોરેટર દ્વારા ચૂંટણીની આચાર સંહિતાનું બહાનું ધરાવવામાં આવ્યું હતું. પરંતુ સ્થાનિકોનો આક્ષેપ છે કે કામ તો આચાર સંહિતા લાગુ પડ્યા પહેલાનું જ બંધ છે. વિસ્તારમાં સાફ-સફાઈ અને કચરા કલેક્શન પોગ્ય રીતે થતું નથી તેમજ પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં અને સમયસર મળતું નથી. આવી રીતે નાગેશ્વર મેઈન રોડ પરના દબાણો દૂર કરી રોડ પહોળો કરવાની તાતી જરૂર છે. ભવાની ચોકમાં ભરાતી શાક માર્કેટ માટે અલગ 'હોકર્સ ઝોન' બનાવવાની માંગ ઉઠી છે. વિસ્તારમાં વધતી જતી ચોરીની ઘટનાઓને રોકવા માટે પોલીસ ચોકીની સુવિધા હોવી જોઈએ. બાળકો માટે ગાર્ડન, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર અને સિનિયર સિટીઝનો માટે બેસવાની વ્યવસ્થા જેવી પાયાની સગવડોનો પણ અભાવ છે. સ્થાનિકોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ધારાસભ્ય સામે પણ ભારે નારાજગી જોવા મળી રહી છે. અવાર નવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. જો આગામી સમયમાં આ પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે, તો નાગેશ્વરના રહેવાસીઓએ આગામી ચૂંટણીમાં 'નોટા' નું બટન દબાવી પોતાનો વિરોધ નોંધાવવાની કડક ચીમકી ઉચ્ચારી છે.

## નગરપાલિકાની કુલ ૪૪ બેઠકો માં ૨૦ બીનહરીફ થઇ : પ્રાંત કચેરીએ કોંગ્રેસ અને ભાજપ નાં આગેવાનો વચ્ચે શાબ્દિક માથાકુટ

# ગોંડલમાં ચુંટણી પહેલા જ ભાજપનો ભગવો

ગોંડલ તા. ૧૫

ગોંડલ નગરપાલિકા નાં કુલ ૧૧ વોર્ડ ની ૪૪ બેઠક ની આગામી તા.૨૬ નાં ચુંટણી યોજાનાર છે.ત્યારે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખે ભાજપ ની ૨૦ બેઠકો બીનહરીફ થતા ચુંટણી પહેલા જ ભાજપે અડધી જીત હાંસલ કરી લીધી છે. જ્યારે તાલુકા પંચાયત ની કુલ ૨૨ પૈકી ૧ બેઠક પર ભાજપ નાં ઉમેદવાર બીનહરીફ થયા છે.

ઉમેદવારી પરત ખેંચવાની ગઈકાલે તારીખ હોય વોર્ડ નંબર-૧,વોર્ડ નંબર-૬ ,વોર્ડ નંબર-૯ તથા વોર્ડ નંબર-૧૧ ની ભાજપ પેનલો બીનહરીફ જાહેર થઈ હતી. જ્યારે વોર્ડ નંબર-૨ માં એક બેઠક,નંબર-૭ માં બે બેઠકો અને વોર્ડ નંબર-૧૦ માં ૧ બેઠક પર ભાજપ નાં ઉમેદવાર બીનહરીફ જાહેર થતા ભાજપ નાં કુલ ૨૦ ઉમેદવારો બીનહરીફ બન્યા છે.

જપારે તાલુકા પંચાયત ની કુલ ૨૨ બેઠકો પૈકી દાળીયા ની બેઠક પર ભાજપ નાં મંજુલાબેન મનીષભાઈ પીપળીયા બીનહરીફ થયા છે.નગરપાલિકા માં ભાજપ નાં બીનહરીફ થયેલા ઉમેદવારો માં વોર્ડ નંબર-૧ માં રાજેન્દ્રસિંહ જાડેજા, ગૌતમભાઇ સિંધવ, મયુરીબેન આચાર્ય, દિપાલીબેન વાડોદરીયાવ વોર્ડ નંબર-૨ હર્ષદભાઈ વાઘેલા,વોર્ડ નંબર-૭ મનિષાબેન ગોવાણી,પાયલબેન પીપળીયા, વોર્ડ નંબર-૯ મિતલબેન નિમાવત (ઘાનાણી)બીનાબેન રોકડ,દિનેશભાઈ ઉમરાણીયા,અશ્વિનભાઈ પાંચાણી.વોર્ડ નંબર-૧૧ આરતીબેન ટોળીયા,કોમલબેન જરેર,જગદીશભાઈ રામાણી તથા નિલેશભાઈ કાપડીયા નો સમાવેશ થાય છે તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયાના સહ ઇન્ચાર્જ કુલદીપસિંહ જાડેજાની યાદીમાં જણાવ્યું છે.

# ભાજપના પૂર્વ મહામંત્રી વીરેન્દ્રસિંહ ઝાલા-નેહલ શુક્લ વચ્ચે ચડભડ

## વિરેન્દ્રસિંહ દ્વારા આપવામાં આવેલા તુકારા - તોછડાઈથી નેહલ શુકલ ઘુંઆફુવાં, કહ્યું બોલવામાં વિવેક રાખો

રાજકોટ, તા. ૧૫

હાલ મહાનગરપાલિકાની ચૂંટણીમાં રાજકીય પક્ષો પ્રચાર પ્રસારમાં વ્યસ્ત થઈ ચૂક્યા છે અને ગઈકાલે ફોર્મ ખેંચવાનો પણ છેલ્લો દિવસ હતો તે પણ પૂર્ણ થઈ ગયો છે. ત્યારે ભાજપ પક્ષમાં પણ આંતરિક ખેંચતાણના દ્રશ્યો સામે આવ્યા છે પૂર્વ શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા અને હાલના વોર્ડ નંબર સાતના ભાજપના ઉમેદવાર નેહલ શુકલ વચ્ચે શાબ્દિક ટપા ટપી થઈ હતી ત્યારે નેહલ શુકલે પણ વિરેન્દ્રસિંહ ઝાલા પર શાબ્દિક પ્રહારો કર્યા હતા.

રાજકોટ દક્ષિણના ધારાસભ્ય રમેશભાઇ ટીલાળાના કાર્યાલયે ચાલુ સંકલને પૂર્વ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા અને વોર્ડ નં.૭ના ભાજપના ઉમેદવાર નેહલ શુકલ વચ્ચે જાહેરમાં મોટી તડાફડી થઇ જતા ટોચના નેતાઓની હાજરીમાં સોંપો પડી ગયો હતો. હાલ તો આ મામલો શાંત પડયો છે. પરંતુ જુના રાજકોટમાં હજુ આ નવી તડાફડીના પડઘા પડવાની શકયતા દેખાઇ રહી છે.

આ ઘટના અંગે ભાજપ સુત્રોમાંથી જાણવા મળેલી માહિતી મુજબ રમેશભાઇ ટીલાળાના ભકિતનગર સર્કલ પાસે આવેલા કાર્યાલયે ગઈકાલે બપોરે સાંસદ પરસોતમભાઇ રૂપાલા, પ્રમુખ માધવ દવે સહિતના નેતાઓની હાજરીમાં સંકલનની મીટીંગ ચાલતી હતી.

આ દરમ્યાન ચૂંટણી પ્રચારમાં રહેલા ઉમેદવાર ડો.નેહલ શુકલને પૂર્વ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલાએ જ્યાં હોય ત્યાંથી તાત્કાલીક કાર્યાલયે આવી જવાનો ફોન કર્યો હતો. જ્યાં જાણવા મળ્યું હતું કે નેહલ શુકલ ને વિરેન્દ્રસિંહ ઝાલાએ જાણે તુકારા દઈ તોછરડાઈ થી કીધું હોય તો ક્યાં છો ફટાફટ આવી જા સંકલન કરવાની છે. નેહલે મોઢે મોઢ ચોપડિયું અને કહ્યુ તું વિવેક રાખ હું આવું છું.

ત્યારે કાર્યકરોમાં છાના ખૂણે આનંદની લાગણી જોવા મળી છે કારણ કે જે રીતે નેહલ શુકલે વિરેન્દ્રસિંહ ઝાલા ને જવાબ આપ્યો છે તેનાથી કાર્ય કરવાનુ મનોબળ પણ વધ્યું છે વિરેન્દ્રસિંહ હજુ પણ એવું માને છે કે તેવું પક્ષના મહામંત્રી છે અને તેમની તોછડાઈથી કાર્યકરોમાં પણ રોષ જોવા મળતો હોય છે ત્યારે નેહલ શુકલે ગઈકાલે પરચો બતાવ્યો હતો. થાક્યા પાક્યા કાર્યકરોમાં આનંદની લાગણી પણ જોવા મળી છે.

આ સમયે ચાલતી ભાજપ સંકલનની મીટીંગમાં ધારાસભ્ય, સાંસદ, ઝાલા સ્ટેજ પર બેઠા હતા. ધુંવાપુવા થયેલા પૂર્વ કોર્પોરેટર નેહલ શુકલએ સ્ટેજ પરથી વિરેન્દ્રસિંહને બોલાવ્યા હતા અને રૂમમાં લઇ ગયા હતા. આ સમયે કંઇક નવાજુની થવાના સંકેત મળતા તુરંત માધવ દવેએ સંકલન મીટીંગ પુરી થયાની જાહેરાત કરી દીધી હતી!

# કોંગ્રેસના બાગી પ્રવીણ સોરાણીએ ભાજપના ટેકામાં બે ફોર્મ પાછા ખેંચાવ્યા



## મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના એક ફોર્મ સાથે અપક્ષના પાંચ ફોર્મ પરત ખેંચાયા

રાજકોટ, તા. ૧૫

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત ફોર્મ ચકાસણીની કામગીરી વહીવટી વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી હતી. જેમાં કોંગ્રેસે તેના ૨૦ થી વધુ ઉમેદવારોને અજ્ઞાત સ્થળ ઉપર રાખ્યા છે જ્યારે ૪૦ એક આમ આદમી પાર્ટીના ઉમેદવારો પણ અજ્ઞાત સ્થળે રાખવામાં આવ્યા છે પરંતુ જે શહેરના ઉમેદવાર છે તેને સાચવવામાં પાર્ટી નિષ્ફળ નીવડી હતી. વાત કરવામાં આવે તો આમ આદમી પાર્ટીના એક ઉમેદવારની સાથે અપક્ષના પાંચ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ પરત ખેંચીયા છે અને કુલ આંકડો છ એ પહોંચ્યો છે. જે ઉમેદવારોએ ફોર્મ ખેંચ્યા તેઓએ ભાજપને ટેકો જાહેર કરી દીધો છે.

વોર્ડ નંબર ૧૫માં હાલ કોંગ્રેસ ભૂતપૂર્વક કોર્પોરેટર પ્રવીણ સોરાણીને સાચવી શકી નથી અને પરિણામ સ્વરૂપે પ્રવીણભાઈએ તથા તેમના પત્નીએ કોંગ્રેસના દરેક પદ પરથી રાજીનામ આપી દીધું છે. અને આડકતરી રીતે ભાજપને ટેકો પણ જાહેર કરી દીધો છે. હાલ ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ હોવાથી કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં ધમાસણ થઈ રહ્યું છે. અગાઉ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એ પોતાના ઉમેદવારોને અજ્ઞાત સ્થળ પર મોકલી દીધા હતા જેથી ભાજપ તેઓને તોડી ના શકે. ત્યારે વોર્ડ નંબર ૧૫ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર લાખાભાઈ મોરવાડિયા તથા તે જ વોર્ડમાં અપક્ષ તરીકે ઉમેદવારી કરેલ દેવરાજ સોનારાના ફોર્મ પરત ખેંચાવ્યા છે અને ભાજપને ટેકો જાહેર કરાવ્યો છે. ત્યારે એ વાત તો સ્પષ્ટ છે કે આ વોર્ડમાં પ્રવીણ સોરાણી કોંગ્રેસની બાજી બગાડે તો નવાઈ નહીં. ટિકિટ ન આપવા મામલે હાલ પ્રવીણભાઈ વિરોધનો સુર ઉઠાવી રહ્યા છે અને અપક્ષ ઉમેદવારોને ફોર્મ પરત ખેંચાવી ભાજપને ટેકો જાહેર કરાવી રહ્યા છે એટલે કહી શકાય કે હાલ પ્રવીણભાઈ એન્ટી કોંગ્રેસ થઈ ચૂક્યા છે. ત્યારે છેલ્લી એક કલાકનું ચિત્ર હજુ સુધી સ્પષ્ટ થયું ન હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. પરંતુ એ વાત પાકી છે કે આજ સાંજ સુધીમાં ખરું ચિત્ર સામે આવી જશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ચિત્ર-વિચિત્ર

## ત્રિપાંખિયા જંગમાં કોણ કોને નડશે, કોને ફળશે તેનું ચિત્ર ધુંધળું , ગણિત મંડાયા




ગુજરાતના રાજકીય રણમેદાનમાં ફોર્મ પાછા ખેંચવાની સમયમર્યાદા પૂર્ણ થતાની સાથે જ જંગનું અંતિમ ચિત્ર સાફ થઈ ગયું છે. છેલ્લા કેટલાય દિવસોથી ચાલતા રિસામણા-મનામણા, ઉમેદવારોના અજ્ઞાતવાસ અને પક્ષોમાં પડેલી તોડફોડના હાઈવોલ્ટેજ ડ્રામા બાદ હવે મેદાનમાં કોણ મહારથીઓ બચ્યા છે તેની યાદી જાહેર થઈ ગઈ છે. રાજકોટ સહિત આખા ગુજરાતમાં આ વખતે ચૂંટણીનો માહોલ અન્ય વર્ષો કરતા સાવ જુદો અને અનેક અટકળોથી ભરેલો જોવા મળી રહ્યો છે. પરંપરાગત દ્વિપાંખિયા જંગને બદલે હવે રાજ્યમાં ત્રિપાંખિયો મોરચો મંડાયો છે, જેના કારણે ચૂંટણીના ગણિતો ગૂંચવાયા છે. સામાન્ય રીતે ગુજરાતના ચૂંટણી ઈતિહાસમાં એવું માનવામાં આવે છે કે જ્યારે પણ મેદાનમાં ત્રીજો પક્ષ મજબૂત બને છે, ત્યારે મતોના વિભાજનનો સીધો લાભ ભારતીય જનતા પાર્ટીને મળતો હોય છે. પરંતુ આ વખતે સ્થિતિ થોડી વિચિત્ર અને રહસ્યમય જણાય છે. આ વખતે જનતાનો મિજાજ અને પાયાના સમીકરણો અંગે મળતા સંકેત સમજવા અઘરા છે.

રાજકીય પક્ષો અત્યારે રાત-દિવસ એક કરીને ગણિત માંડી રહ્યા છે કે કયા વિસ્તારમાં કયો ઉમેદવાર કોના મતો કાપશે. ત્રિપાંખિયા જંગમાં અમુક બેઠકો પર એવું દેખાઈ રહ્યું છે કે ત્રીજો પક્ષ કોંગ્રેસની મતોની ટકાવારી ઘટાડશે, જે અંતે ભાજપને જીત તરફ દોરી જશે. જોકે, આ સિક્કાની બીજી બાજુ પણ એટલી જ પ્રબળ છે. ઘણી જગ્યાએ સત્તાધારી પક્ષ સામેની નારાજગી કે જ્ઞાતિગત સમીકરણો એટલા જટિલ છે કે ત્રીજો પક્ષ સીધો ભાજપની કેડર વોટબેંકમાં ગાબડું પાડી રહ્યો છે.

આ સંજોગોમાં કોણ કોને નડશે અને કોની જીતનો માર્ગ મોકળો કરશે, તે ચિત્ર હાલ તો ધુંધળું જ છે. દરેક પક્ષ પોતપોતાના સ્તરે વિજયના દાવા તો કરી રહ્યો છે, પરંતુ આંતરિક રીતે ફફડાટ પણ એટલો જ છે. મતદારોની શાંતિ ઉમેદવારોની ઊંઘ ઉડાવી રહી છે. તોડફોડ અને પક્ષપલટાની જે રમત રમાઈ છે, તેની અસર મતદાનના દિવસે પેટીમાં કેવી રીતે ઝીલાશે તે જોવું રસપ્રદ રહેશે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને રાજકોટમાં આ ખરાખરીનો જંગ વધુ રોમાંચક બન્યો છે કારણ કે અહીંના મતદારો હંમેશા આશ્ચર્યજનક પરિણામો આપવા માટે જાણીતા છે.

હવે પછીના દિવસોમાં થનારી પ્રચાર અને જનસભાઓ તથા પડદા પાછળની ગતિવિધિઓ આ રહસ્ય પરથી પડદો ઉઠાવશે. હાલના સંજોગોમાં સૌરાષ્ટ્રનું રાજકારણ એક એવા વળાંક પર છે જ્યાં જીત અને હાર વચ્ચેનું અંતર ખૂબ જ પાતળું થઈ ગયું છે.

# દરિયામાં તણાવ? ચિંતા કરશો નહીં!

## ભારત પાસે IMEC યોજના જે ચીનના BRIને મજબૂત જવાબ પણ આપશે

નવીદિલ્હી, તા. ૧૫



બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓ, દરિયાઈ માર્ગો માટે વધતા જોખમો અને મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે, ભારત-મધ્ય પૂર્વ યુરોપિયન આર્થિક કોરિડોર (IMEC) ભારત માટે એક મુખ્ય વ્યૂહાત્મક વિકલ્પ તરીકે ઉભરી રહ્યો છે. તેને હવે ફક્ત એક વ્યાપારી પ્રોજેક્ટ તરીકે નહીં, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક સ્થિરતા માટે રક્ષણ તરીકે જોવામાં આવે છે. નવી દિલ્હી સ્થિત ઈન્ટરનેશનલ સેન્ટર ફોર પીસ સ્ટડીઝના તાજેતરના અહેવાલમાં જણાવાયું છે કે વર્તમાન ભૂ-રાજકીય અસ્થિરતા ભારત માટે આ કોરિડોરને ઝડપથી અમલમાં મૂકવાની તક રજૂ કરે છે. IMEC એક મલ્ટિમોડલ કનેક્ટિવિટી કોરિડોર છે જે દરિયાઈ અને રેલ માર્ગોને જોડશે, ભારત, મધ્ય પૂર્વ અને યુરોપ વચ્ચે ઝડપી અને સુરક્ષિત જોડાણો સ્થાપિત કરશે.

આ કોરિડોરમાં બે મુખ્ય ઘટકો છેઃ પૂર્વીય કોરિડોર - ભારતથી યુએઈ સુધીનો દરિયાઈ માર્ગ, અને પશ્ચિમી કોરિડોર - સાઉદી અરેબિયા, જોર્ડન અને ઇઝરાયેલ થઈને યુએઈથી યુરોપ સુધીનો રેલ માર્ગ. આ કોરિડોર સમુદ્ર અને રેલનું આધુનિક હાઈબ્રિડ નેટવર્ક હશે. વિશ્વના મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો હવે સુરક્ષિત નથી. ખાસ કરીને, હોર્મુઝ સ્ટ્રેટ અને હવે બાબ અલ-મંડેબ મુખ્ય ભૂ-રાજકીય ફ્લેશપોઈન્ટ બની ગયા છે. વિશ્વના તેલનો ૨૦ ટકા હિસ્સો હોર્મુઝમાંથી પસાર થાય છે, જ્યારે બાબ અલ-મંડેબ સ્ટ્રેટ વિશ્વના તેલનો ૧૦ ટકા હિસ્સો અને તેના ઈન્ટરનેટ ટ્રાફિકનો ૨૦ ટકા હિસ્સો વહન કરે છે.

જો આ કટોકટી વધુ ઘેરી બને છે, તો જહાજોએ આફ્રિકાની આસપાસ લાંબો રસ્તો અપનાવવો પડશે, જેના કારણે ખર્ચ અને સમય બંનેમાં વધારો થશે, જેના કારણે IMEC ભારત માટે મહત્વપૂર્ણ બનશે. ભારતનો લગભગ ૯૫ ટકા વેપાર સમુદ્ર માર્ગે થાય છે. હોર્મુઝ સ્ટ્રેટ અને બાબ અલ-મંડેબ જેવા ચોકપોઈન્ટનો ભય ભારતના અર્થતંત્ર પર સીધી અસર કરી શકે છે. IMEC વર્તમાન પરિસ્થિતિઓમાં ભારત માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે. કારણ કે તે ઝડપી અને આર્થિક છે, તે યુરોપમાં માલની ઝડપી ડિલિવરી સુનિશ્ચિત કરશે, લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડશે અને ભારતીય નિકાસને નોંધપાત્ર રીતે ફાયદો પહોંચાડશે.

વધુમાં, ઉર્જા સુરક્ષા મજબૂત બનાવવામાં આવશે, અને મધ્ય પૂર્વમાંથી તેલ અને ગેસ પુરવઠા માટે નવા માર્ગો બનાવવામાં આવશે. ભવિષ્યમાં ગ્રીન હાઇડ્રોજન અને ઉર્જા કોરિડોરની પણ સંભાવના છે. વધુમાં, ડેટા કેબલ, ડિજિટલ નેટવર્ક અને સપ્લાય ચેઈન સહિત ડિજિટલ અને વ્યૂહાત્મક પ્રગતિ ભારતની વૈશ્વિક વ્યૂહાત્મક સ્થિતિને મજબૂત બનાવશે. ભારત-યુરોપ વેપાર માટે એક નવું માળખું બનાવી શકાય છે. આના દ્વારા, ભારત વૈશ્વિક આંચકાઓનું સંચાલન કરી શકે છે અને ભવિષ્યના સંકટમાં તેની સપ્લાય ચેઇનને સુરક્ષિત કરી શકે છે. ઈંખઊઈ એક સુપર-કનેક્ટિવિટી નેટવર્ક છે જ્યાં જહાજો અને ટ્રેનો સાથે મળીને ભારતથી યુરોપમાં માલ, ઉર્જા અને ડેટાને ઝડપી, સુરક્ષિત અને ખર્ચ-અસરકારક રીતે પરિવહન કરશે.

આજના યુગમાં, જ્યારે દરિયાઈ માર્ગો વધુને વધુ અસુરક્ષિત બની રહ્યા છે, IMEC ભારત માટે માત્ર એક પ્રોજેક્ટ નથી, પરંતુ આર્થિક શક્તિ, ઉર્જા સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષાનો મજબૂત સ્તંભ બની શકે છે. જો ઝડપથી અમલમાં મૂકવામાં આવે તો, તે ભવિષ્યમાં ભારતને વૈશ્વિક વેપાર અને વ્યૂહરચનાના કેન્દ્રમાં મૂકી શકે છે.

# આપ સાંસદ મિત્તલના નિવાસસ્થાને EDના દરોડા

## રાઘવ ચઢ્ઢા સામે કાર્યવાહી : પંજાબ સરકારે Z+ સુરક્ષા પાછી ખેંચી લીધી હતી



નવીદિલ્હી, તા. ૧૫

આમ આદમી પાર્ટીના નેતા અને રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢા પર તેમની જ પાર્ટી તરફથી હુમલો થઈ રહ્યો છે. આ વખતે, અઅઙના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રિયંકા કક્કરે ચઢ્ઢા પર નિશાન સાધ્યું છે. તેમણે અશોક મિત્તલના પરિસર પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના દરોડા માટે તેમને દોષી ઠેરવ્યા છે. પ્રિયંકાએ આરોપ લગાવ્યો હતો કે રાઘવે EDના દરોડા માટે Z+ સુરક્ષા મેળવવા માટે BJPના નેતા સાથે કાવતરું ઘડ્યું હતું. આ ઘટના બાદ, પંજાબ સરકારે ચઢ્ઢાને આપવામાં આવેલી Z+ સુરક્ષા પાછી ખેંચી લીધી. AAPના મુખ્ય રાષ્ટ્રીય પ્રવક્તા પ્રિયંકા કક્કરે જણાવ્યું હતું કે રાઘવ ચઢ્ઢાને રાજ્યસભામાંથી દૂર કર્યા પછી અને અશોક મિત્તલને ડેપ્યુટી લીડર તરીકે નિયુક્ત કર્યા પછી દરોડા પાડવામાં આવ્યા તે કોઈ સંયોગ નથી. તેમણે જણાવ્યું હતું કે સૂત્રોને જાણવા મળ્યું છે કે ચઢ્ઢા તાજેતરમાં જ ભાજપના નેતાઓ સાથે મળ્યા હતા. તેમનો આરોપ છે કે EDના દરોડા રાઘવ ચઢ્ઢાના ઈશારે કરવામાં આવી રહ્યા છે. ચઢ્ઢાને તેમના ઈશારે Z+ સુરક્ષા પણ આપવામાં આવી હતી. રાઘવ ચઢ્ઢાએ ભૂલવું ન જોઈએ કે અરવિંદ કેજરીવાલ તેમને રસ્તા પરથી ઉપાડીને સંસદમાં લાવ્યા હતા.

આમ આદમી પાર્ટીના નેતા અને રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાને પંજાબ પોલીસ દ્વારા આપવામાં આવેલી Z+ શ્રેણીની સુરક્ષા પાછી ખેંચી લેવામાં આવી છે. આ દરમિયાન, કેન્દ્ર સરકારે દિલ્હી પોલીસને તેમને સુરક્ષા પૂરી પાડવાનો આદેશ આપ્યો છે. અશોક મિત્તલના નિવાસસ્થાને EDના દરોડા બાદ પંજાબમાં AAP સરકાર દ્વારા રાઘવ ચઢ્ઢાને આપવામાં આવેલી Z+ શ્રેણીની સુરક્ષા પાછી ખેંચી લેવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. રાઘવ ચઢ્ઢાની સુરક્ષા માટે તૈનાત પંજાબ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને તાત્કાલિક મુખ્યાલયમાં રિપોર્ટ કરવા કહેવામાં આવ્યું છે.

દરમિયાન, પંજાબ સરકાર દ્વારા રાઘવ ચઢ્ઢાની સુરક્ષા પાછી ખેંચી લેવાથી રાજકારણ ગરમાયું છે. રાજકીય વર્તુળોમાં એવી અફવા છે કે AAPએ તાજેતરમાં તેમને રાજ્યસભામાં ઉપનેતા પદ પરથી દૂર કર્યા છે. ચઢ્ઢાએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે તેમને ચૂપ કરવામાં આવ્યા હતા, હારવામાં આવ્યા નહોતા. AAP નેતાઓએ તેમના પર સંસદમાં પંજાબના મુદ્દાઓ ઉઠાવવાનું ટાળવાનો અને કેન્દ્ર સરકાર સામે આક્રમક વલણ અપનાવવાને બદલે જનસંપર્ક પર ધ્યાન કેન્દ્રિત કરવાનો આરોપ લગાવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે રાઘવ ચઢ્ઢા ટૂંક સમયમાં પોતાની નવી રાજકીય કારકિર્દી શરૂ કરી શકે છે.

રાઘવ ચઢ્ઢાએ પાર્ટીના નેતાઓના આરોપોને ખોટા ગણાવ્યા. તેમણે જણાવ્યું હતું કે સંસદમાં તેમની ભૂમિકા જાહેર મુદ્દાઓ ઉઠાવવાની છે, ખલેલ પહોંચાડવાની નહીં. તેમણે એવા દાવાઓને પણ નકારી કાઢ્યા હતા કે તેઓ મુખ્ય વિપક્ષી કાર્યવાહીથી દૂર રહ્યા હતા, જેમાં વોકઆઉટ કરવાનો અને બંધારણીય અધિકારીઓ વિરુદ્ધ નોટિસ પર હસ્તાક્ષર કરવાનો સમાવેશ થાય છે. પંજાબ સરકારે સુરક્ષા પાછી ખેંચી લીધા બાદ, દિલ્હી પોલીસે તેમને સુરક્ષા પૂરી પાડી છે.

એવું માનવામાં આવે છે કે રાઘવ ચઢ્ઢા આગામી દિવસોમાં તેમના રાજકીય ભવિષ્ય અંગે કોઈ મોટો નિર્ણય લઈ શકે છે.

પંજાબના મહાસચિવ અને આમ આદમી પાર્ટીના નેતા બલતેજ પન્નુ કહે છે કે રાજ્યસભાના સાંસદ અશોક મિત્તલે નોંધપાત્ર પ્રગતિ કરી છે, મીઠાઈની દુકાનથી લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી સુધી પહોંચ્યા છે. મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું છે કે ભાજપે પંજાબમાં ચૂંટણી માટે તૈયારી કરી લીધી છે. આ ભાજપની શૈલી છે. તેઓ જ્યાં પણ ચૂંટણીઓ યોજાય છે ત્યાં ED અને ચૂંટણી પંચનો ઉપયોગ કરે છે. પન્નુએ કહ્યું કે જે પણ નેતા ભાજપમાં જોડાય છે તેને સુરક્ષાની ખાતરી આપવામાં આવે છે.

# ૫૦ નહીં તો ૩૩ ટકા પણ ચાલશે



માયાવતીએ મહિલા અનામત બિલને આપ્યું સમર્થન

નવીદિલ્હી, તા. ૧૫

બહુજન સમાજ પાર્ટી (BSP) ના પ્રમુખ અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતના પ્રસ્તાવને સમર્થન આપ્યું છે. તેમણે કહ્યું કે આ ઓછામાં ઓછું મહિલાઓના યોગ્ય પ્રતિનિધિત્વને સુનિશ્ચિત કરવા તરફની શરૂઆત છે. તેમણે કહ્યું કે જ્યારે તેમાં ઘણો વિલંબ થયો છે, ત્યારે BSP તેનું સ્વાગત કરે છે. રાજધાની લખનૌમાં એક પત્રકાર પરિષદ દરમિયાન માયાવતીએ કહ્યું કે ભલે આ આંકડો ૫૦ ટકાથી ઓછો હોય, પણ તે મહિલાઓના અધિકારો સુનિશ્ચિત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. તેમણે કહ્યું, જો ૫૦ ટકા નહીં, તો પણ ૩૩ ટકા પણ એક સારી શરૂઆત છે.

અમારો પક્ષ, BSP, ભૂતકાળમાં સતત મહિલાઓ માટે ૫૦ ટકા અનામતની માંગણી કરતો રહ્યો છે. પરંતુ અન્ય કોઈ પક્ષ આ માટે સંમત થયો નથી, અને એવું લાગે છે કે તેઓ હવે સંમત થશે નહીં. અમે પરમ પૂજ્ય બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનો પણ આભાર માનીએ છીએ કે તેમણે મહિલાઓને પુરુષોની જેમ સમાન મતદાન અધિકાર (સાર્વત્રિક પુખ્ત મતાધિકાર) આપ્યો. તેમણે કહ્યું કે ૨૦૨૩ માં પહેલી વાર પસાર થયેલા કાયદાના અમલીકરણમાં વિલંબ થયો હોવા છતાં, તેમનો પક્ષ હજુ પણ તેનું સ્વાગત કરે છે અને ઐતિહાસિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલી મહિલાઓને અનામત આપવાની જરૂરિયાત વ્યક્ત કરે છે.

જોકે તેમાં ઘણો વિલંબ થયો છે, પણ વિલંબ છતાં અમારો પક્ષ તેનું સ્વાગત કરે છે.

જો શોષિત અને હાંસિયામાં ધકેલાઈ ગયેલી મહિલાઓ, ખાસ કરીને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોની મહિલાઓ માટે, જેઓ સતત સામાજિક, રાજકીય અને આર્થિક રીતે હાંસિયામાં ધકેલાઈ રહી છે, તો ખરેખર અલગ અનામત આપવામાં આવે તો તે યોગ્ય અને ઐતિહાસિક બંને રહેશે. મહિલા સશક્તિકરણને માત્ર વાણીક હોવાનો આરોપ લગાવતા તેમણે કહ્યું કે નક્કર નીતિ અને મજબૂત ઈચ્છાશક્તિના અભાવે, મહિલાઓ તેમના અધિકારો પ્રાપ્ત કરી શકી નથી. તેમણે મહિલાઓ સામે વધતા ગુનાઓ અને હિંસા પર પણ ચિંતા વ્યક્ત કરી.

તેમણે મહિલાઓ માટે અનામતમાં ઐતિહાસિક રીતે વિલંબ કરવા બદલ કોંગ્રેસ પક્ષની આકરી ટીકા કરી, અને કહ્યું કે જાતિ એક એવું પરિબળ રહ્યું છે જેણે સ્વતંત્રતા પછી પાર્ટીની નીતિને પ્રભાવિત કરી છે. તેમણે કહ્યું, તત્કાલીન કોંગ્રેસ સરકારે, તેના સંકુચિત જાતિવાદથી પ્રભાવિત થઈને, તેને સ્વીકારવાનો ઇનકાર કર્યો અને બાદમાં તેને ટુકડાઓમાં પસાર કર્યો. આમ, બાબાસાહેબ ડો. ભીમરાવ આંબેડકરને OBC માટે અનામતના અભાવ અને મહિલાઓની સલામતી, ગૌરવ અને સુખાકારી સુનિશ્ચિત કરવા માટે નક્કર પગલાંના અભાવના વિરોધમાં દેશના પ્રથમ કાયદા પ્રધાન તરીકે રાજીનામું આપવાની ફરજ પડી.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## આજ મારાં નયણાં સફળ થયાં, એ રચનામાં નરસિંહ ભક્તિની કંઈ કક્ષા દર્શાવે છે??



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. યુદ્ધનાં સમાચારો મળે અને આપણી ત્યાં પ્રત્યક્ષ હાજરી નથી, છતાં એ લોહીયાળ દ્રશ્યોની કલ્પનાથી કમકમા આવી જાય! પણ પાછાં ભૂલીને રસ પૂરી જમી પણ લઈએ. બિલકુલ એનું વિપરીત બગીચામાં જઈએ અને રંગબેરંગી સુગંધી ફૂલો જોઈ તન મન બંને પ્રસન્ન થઈ જાય, અને એમાં જો પ્રિય સાથી સાથે હોય તો આ દ્રશ્ય જોઈ કવિતા પણ મનમાં ઉઠે. એટલે કે જે પ્રત્યક્ષ છે, એ આંખે દેખાય પણ જે અપ્રત્યક્ષ છે, એની સાથે આપણી સંવેદના હોય તો એની કલ્પના થકી આપણે સહાનુભૂતિ દર્શાવીએ પણ એની તીવ્રતા એટલી ન્હોય આપણે અપ્રત્યક્ષ ને સ્વાભાવિક ભૂલી જઈએ. આંખ દ્વારા આપણને રંગની ઓળખ થાય છે, અને લાલ લીલાં ભૂરાં પીળા ધવલ એવાં કેટલાંય રંગોનું આપણાં જીવનમાં ખૂબ મહત્વ છે! અને રંગો જીવનને રંગીન એટલે કે ખુશહાલ બનાવે છે, પરંતુ ક્યારેક એવું લાગે કે સુખ કે ભોગ રસનાં અમુક રંગને જ આપણે મહત્વ આપ્યું છે, અને એ ન્હોય એટલે દુખ! અને દુખડા ગાવાની ટેવ પડી ગઈ છે,એટલે કે આંખ હોય પણ સુખ કે ખુશી શોધવાની દ્રષ્ટિ નથી હોતી! બસ આ જ કારણ છે, કે આપણે ખુશ રહી શકતાં નથી! કારણ કે દુઃખને નજર અંદાજ કરતાં આવડતું નથી, અને નાનાં નાનાં કારણે ખુશ થવાતું નથી! કોઈ મોટી લોટરી લાગશે અને પછી બધું જ પરફેક્ટ થઈ જશે! એવું વિચારીને જીવનનાં બહુ મહત્વનાં દિવસો ગુમાવી દઈએ છીએ. પણ નરસિંહ એ એવું કર્યું નથી, એણે શ્રીકૃષ્ણની ભક્તિ માટે કે એનાં દર્શન માટે રુપિયા પૈસા, જમીન જાગીર, માન સન્માન, કે પછી પદ પ્રતિષ્ઠા બધું જ છોડી દીધું,ભક્તિ માટે એને કોઈ મહત્વ આપ્યું નહીં.

** નરસિંહ મહેતા**

૧)આજ મારાં નયણાં સફળ થયાં.
આજ મારાં નયણાં સફળ થયાં નાથને નીરખી.

*નરસિંહ કહે છે કે આજે પ્રભુનાં દર્શન કરી, એનું મુખ નીરખી મારી આંખોનું હોવું સફળ થયું.

૨)સુંદર વદન નિહાળીને મારા હૈયામાં હરખી.
જે રે મારાં મનમાં હતું તે વહાલાએ કીધું;

*પ્રભુનું સુંદર શરીર એટલે રૂપ જોઈ મારું હૈયું હરખી ઉઠ્યું અને મારું મન વાંચી ગયો હોય એમ મારા વ્હાલા એ મેં વિચાર્યું હતું એવું જ કર્યું.

૩)પ્રીતે પ્રભુજી પધારિયા, આવી આલિંગન દીધું.
વહાલો મારો વિહારીલો, તેહને જાવા ન દીજે;

*ગઈકાલ સુધી વ્હાલો આવશે આવશે એમ થતું હતું અને પ્રભુજી પધાર્યા, અને એ પણ મને મળવા ઉત્સુક હોય, એમ આલિંગન દીધું એટલે ભેટી પડ્યાં. મારો વ્હાલો તો વિહાર કરવા વાળો છે, એટલે કે એક જગ્યાએ રહેવું તેને ગમતું નથી પણ મેં એને જાવા દીધો નહીં!

૪)હાથ થકી નવ મૂકીએ, અંતરગત લીજે.
કાલિંદ્રીને કાંઠડે, હરિ નાચે ને ગાયે.

*પ્રભુનો હાથ મૂકવાનો નથી, એટલે કે જીવનની ગતિવિધિઓમાં ભક્તિને નામે કોઈ આડંબર નહીં, ભગવાન નું સ્થાન તો હ્રદયમાં હોય એ રીતે એને અંતર્ગત કરીએ, તો આજે પણ કાનુડો કાલિન્દી ને કાંઠે નાચતો અને ગાતો દેખાય.

૫)સ્વર પૂરે સર્વ સુંદરી, અતિ આનંદ થાયે.
ધન્ય જમુનાનો તટ, ધન્ય વ્રજનો રે વાસ;
ધન્યભાગ્ય આ ભૂમિનાં,
વહાલો જ્યાં રમ્યા રાસ.

*વ્રજની બધી જ સુંદરીઓ એટલે કે ગોપીઓ કાનુડાનાં ગીતમાં સ્વર પૂરાવે છે, અને એ દ્રશ્ય જોઈ નરસિંહ ને અતિ આનંદ થાય છે, અને એ પોકારી ઉઠે છે ધન્ય છે વ્રજમાં વાસ, અને ધન્ય છે જમુના નો તટ! આ ભૂમિ બહુ ભાગ્યશાળી છે, કે અહીં મારો વ્હાલાજી રાસ રમ્યા હતાં.

૬)અંતરિક્ષથી દેવતા સહુ શોભા જોવાને આવે;
પુષ્પવૃષ્ટિ તાંહાં થઈ રહી, નરસૈંયો વધાવે.

*રાધા કૃષ્ણનો રાસ જોવાં આકાશથી સૌ દેવતા આવે અને રાધા કૃષ્ણ ને રાસ રમતા જોઈ પુષ્પવૃષ્ટિ કરે છે, અને નરસૈંયો પણ ફૂલડે વધાવે છે.

નરસિંહ અહીં ભક્તિની પરાકાષ્ઠા એ ભક્ત ભગવાનું જે સ્વરૂપ, સારુપ્ય પ્રાપ્ત કરે છે, એનું શ્રૃંગાર રસ થકી વર્ણન કરે છે, કે એક જ શરીરમાં ભક્ત અને ભગવાન કે પછી જીવ અને જીવાત્મા બંનેની રસ ક્રીડાનું અદભુત દર્શન કરી, ભક્ત પ્રેમિકા બની પ્રિયતમ એટલે કે પોતાનાં ભગવાન સાથેનાં મિલનની ઉત્તમ ક્ષણોને વાગોળે છે. પરંતુ નરસિંહની રચના છે, એટલે અધ્યાત્મ ન્હોય, એવું તો બને જ ક્યાંથી! પ્રથમ પંક્તિમાં જ કહે છે કે નયણાં સફળ થયાં! એટલે કે ચર્મ ચક્ષુ કે આંખો તો બધાં પાસે છે, પણ નરસિંહ જેમ પ્રત્યેકમાં રાય રંક કે છૂત અછૂતનાં ભેદ વગર જીવ ને હરિ દેખાતો નથી! માટે નરસિંહે જે જે મનમાં વિચાર્યું એ એનાં વ્હાલાએ કર્યું. નિમંત્રણ મળતાં પધાર્યા, અને બથ ભરીને આલિંગન આપ્યું! ગોકુળ વનરાવનનાં કૃષ્ણની માનસિકતાને નરસિંહ બરોબર પકડી અને કહે છે, મારો વ્હાલો વિહારી લો છે એક જગ્યાએ ટકતો નથી, પણ મેં એનો હાથ બરોબર પકડી લીધો, એટલે કે રૂપિયા પૈસા, માન સન્માન, પદ પ્રતિષ્ઠામાં અટવાયા વગર, ભક્તિને નામે પણ કોઈ આડંબર કર્યા વગર, હૈયામાં એનું રુપ સ્વરૂપ અંતરંગ કરી લીધું, અને શરીરથી આત્મ તત્વની દૂરી પૂરી થઈ! આમ પોતે રાધા છે, અને આત્મા કૃષ્ણ, એમ એનું આટલું ઐક્ય અનુભવી જાણે જીવન કાલિંદીનો ઘાટ હોય એમ નરસિંહ નાચી ઉઠ્યાં! સ્વર પૂરે સર્વ સુંદરી! ઈન્દ્રિયો રુપી ગોપી કે સુંદરીનો સૂર એક થઈ જાય, અને હાથ, પગ, આંખ, કાન, જીભ, અને મન બધી ઈન્દ્રિયો ગોપી જેમ કૃષ્ણને જ ઈચ્છે, તો ત્યાં જીવન તટ જમુના તટ બને, અને જ્યાં છીએ એ ભૂમિ વ્રજની! પરંતુ મૂળમાં તો નરસિંહ કહે છે કે પરમાત્મા રુપી શ્રીકૃષ્ણ સુધી પહોંચવાનાં બે જ માર્ગ છે! એક હરિનું કામ અને બીજું હરિનું નામ! જે જીવને આત્મ તત્વ સુધીની સફર કરાવે છે, અને એટલે જ જમુના તટ શબ્દ પ્રયોગ કરીને કહે છે કે, કરમ નાં ઘાટે સ્નાન કર્યું હશે, એટલે કે પરોપકાર કર્યો હશે, કોઈ જરૂરીયાત માં પોતાનાં ઈષ્ટનાં દર્શન કરી નિઃસ્વાર્થ ભાવે મદદ કરી હશે, તો જ શ્રીકૃષ્ણ આત્મસાત થશે, અને જીવન વ્રજ જેમ હરિયાળી છાંયા વાળું બનશે. જીવનનાં કાલિંદી, જમુના, અને વ્રજ જેવાં મુકામે કંસ વૃત્તિ ત્યાગીને કોઈને પરેશાન કર્યા વગર સ્થિર થઈએ તો જ એ મહારાસનો હિસ્સો બની શકાય! અને આમ ભક્ત અને ભગવાન કે પછી જીવ શિવનાં મિલનની ક્ષણે અંતરિક્ષ માંથી દેવતા પુષ્પવૃષ્ટિ કરવા આવશે! એટલે ભક્તની ભક્તિથી બાહ્ય પ્રકૃતિ તો ખુશ થશે જ, પણ આતંર પ્રકૃતિ પણ હરખાઈને આ ક્ષણને ફૂલડે વધાવશે! આપણે સૌ નરસિંહ જેવી ભક્તિ કરી શકીએ,એવી પ્રાર્થનાં ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

## ગુરૂ-શિષ્યાના પવિત્ર સંબંધો લજવાયાઃ બે વર્ષથી ચાલી રહેલા શોષણનો પર્દાફાશ

# ફિટનેસ ટીચરે સગીર છાત્રાને ફસાવી આચર્યું દુષ્કર્મ

### મ્યુઝિશિયન બનાવવાની અને મુંબઈ, વિદેશ લઈ જવાની તેમજ લગ્નની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી વારંવાર દેહ પિંખ્યો

રાજકોટ, તા. ૧૫

શિક્ષણ જગતને કલંકિત કરતી એક શરમજનક ઘટના સામે આવી છે. એક ૪૫ વર્ષીય ફિટનેસ ટીચરે પોતાની જ સ્કૂલની ૧૭ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી, વિદેશ ફરવા લઈ જવાની અને મ્યુઝિશિયન બનાવવાની લાલચ આપી છેલ્લા બે વર્ષથી શારીરિક શોષણ કર્યું હોવાની વિગતો બહાર આવતાં ચકચાર મચી છે. પોલીસે ગુનો દાખલ કરી હવસખોર સામે કાર્યવાહી કરી છે.

આ ઘટના અંગેની સંપૂર્ણ વિગતો જોઈએ તો વડોદરામાં ફિટનેસ ટીચરે ૧૭ વર્ષની વિદ્યાર્થિનીને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું છે. મ્યુઝિશિયન બનાવવાની લાલચ આપી કાળો કામો કર્યો હતો. આ ઘટનાથી ગુરૂ અને શિષ્યાના પવિત્ર સંબંધો લજવાયા છે. બે વર્ષથી આ શોષણ થતું હતું. વધુ વિગતો જોઈએ તો વડોદરાની એક જાણીતી અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં ફિટનેસ ટીચર તરીકે ફરજ બજાવતા



વિજયકુમાર ભેમાભાઇ રાઠોડ (ઉં.વ. ૪૫) એ માનવતા અને નૈતિકતાની તમામ હદો વટાવી દીધી છે. આરોપી શિક્ષક પરિણીત હોવા છતાં, તેણે પોતાની જ સ્કૂલમાં ભણતી સગીર વિદ્યાર્થિની પર દાનત બગાડી હતી. છેલ્લા બે વર્ષથી તે સગીરાને પોતાની જાળમાં ફસાવી અલગ-અલગ સ્થળે લઈ જઈ શારીરિક શોષણ કરતો હતો.

વધુ માહિતી મુજબ લોભામણી લાલચો આપી સગીરાને ભોળવી લેવાઈ હતી.આ અંગેની તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી વિજય રાઠોડે સગીરાને વિશ્વાસમાં લેવા માટે અનેક લાલચો આપી હતી. તેમજ ટીચર બાળાને કહેતો હતો કે હું તને મુંબઈ અને વિદેશ ફરવા લઈ જઈશ. તારી કરિયર બની જશે. તને એક મોટી મ્યુઝિશિયન બનાવી દઈશ. આવું કહી છાત્રાને ફસાવી હતી. તેમજ તે કહેતો હતો કે હું તારી સાથે લગ્ન કરીશ તેમ કહીને ફોસલાવી હતી.

આ લાલચોમાં આવી ગયેલી સગીરાને શિક્ષક અવારનવાર બપોરના સમયે પોતાના બાઈક પર બેસાડી ગોત્રી વિસ્તારમાં આવેલા તેના ઘરે લઈ જતો હતો, જ્યાં તેણે અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું. દરમિયાન તાજેતરમાં વહેલી સવારે ચાર વાગ્યે આ છાત્રાની માતા અચાનક જાગી ગયા હતા. પુત્રી ઘરમાં ન દેખાતા તેમણે શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પુત્રી ઘરની અગાશી પર શિક્ષક વિજય રાઠોડ સાથે વાંધાજનક હાલતમાં મળી આવી હતી.

આ દ્રશ્ય જોઈ પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવતા કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.કાઉન્સેલિંગમાં સત્ય બહાર આવ્યું શરૂઆતમાં સગીરા ડર અને દબાણના કારણે સાચું બોલતી ન હતી. તેણે એવું રટણ કર્યું હતું કે, નસ્ત્રહું ડિપ્રેશનમાં હતી એટલે સર મને સમજાવવા આવ્યા હતા.

ત્યારબાદ પોલીસ અને પરિવાર દ્વારા સઘન કાઉન્સેલિંગ કરવામાં આવતા સગીરા ભાંગી પડી હતી અને છેલ્લા બે વર્ષથી તેની સાથે થતી આપવીતી અને સાત થી આઠ વાર થયેલા શારીરિક શોષણની કબૂલાત કરી હતી.આરોપી શિક્ષકના કરતૂતોની ગંધ સ્કૂલ સંચાલકોને અગાઉ આવી ગઈ હતી, જેના કારણે તેની પાસેથી રાજીનામું લખાવી લેવામાં આવ્યું હતું. આમ છતાં, આ નરાધમ શિક્ષક સુધર્યો ન હતો અને સગીરાના ઘરની આસપાસ આંટાફેરા મારી તેને લાલચ આપવાનું ચાલુ રાખ્યું હતું.

આ બનાવમાં કપુરાઈ પોલીસે આ મામલે ગંભીરતા દાખવી આરોપી વિજયકુમાર રાઠોડ વિરુદ્ધ દુષ્કર્મ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી છે. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ ચલાવી રહી છે કે અન્ય કોઈ વિદ્યાર્થિની આ શિકારી શિક્ષકનો ભોગ બની છે કે કેમ. આ ઘટના સમાજ અને વાલીઓ માટે લાલબત્તી સમાન છે કે તેઓ પોતાના બાળકોની ગતિવિધિઓ અને શિક્ષકો સાથેના વ્યવહાર પર પણ પૂરતી નજર રાખે તે ખૂબ જરૂરી છે.

---

હવે ક્યારેય ભાડાના પૈસા માંગીશ તો જાનથી મારી નાખીશ ધમકી પણ આપી

# કારનું ભાડું ઉઘરાવવા ગયેલા યુવાનને છરી ઝીંકાઈ

### ઘટેશ્વરમાં આરોપીએ યુવાનને ઘરે બોલાવી હુમલો કર્યો

રાજકોટ,તા.૧૫

શહેરના ઘંટેશ્વર વિસ્તારમાં આવેલા ૧૫૦ ફૂટ રિંગ રોડ પાસે કારના ભાડાના પૈસાની ઉઘરાણી કરવા ગયેલા ૨૧ વર્ષીય પિન્ટુભાઈ ઘનશ્યામભાઈ પરમાર નામના યુવક પર છરી વડે હુમલો થયાની બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.

ફરિયાદી પિન્ટુભાઈ ડ્રાઈવિંગનો વ્યવસાય કરે છે અને તેણે તેના મિત્ર મેરામભાઈ પરેશાને પોતાની બોલેરો અને સ્વીફ્ટ ગાડીઓ આશરે ત્રણ મહિના પહેલા ભાડે આપી હતી. બોલેરોનું માસિક ભાડું રૂ. ૪૦,૦૦૦ અને સ્વીફ્ટનું ભાડું રૂ. ૪૫,૦૦૦ નક્કી કરવામાં આવ્યું હતું. છેલ્લા બે મહિનાથી ભાડું ન ચૂકવાયું હોવાથી ફરિયાદી અવારનવાર ફોન પર ઉઘરાણી કરતા હતા. ગત ૧૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ સવારે મેરામભાઈએ ફોન કરીને ભાડાના પૈસા લઈ જવા માટે પિન્ટુભાઈને પોતાના ઘરે બોલાવ્યા હતા.

ફરિયાદી જ્યારે સવારે સવા નવ વાગ્યાની આસપાસ આરોપીના ઘરે પહોંચ્યા, ત્યારે આરોપીએ હાલમાં પૈસા નથી અને પછી આપીશ તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. પિન્ટુભાઈએ પૈસાની જરૂરિયાત હોવાનું જણાવતા જ આરોપી મેરામભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી કરી ઝપાઝપી પર



ઉતરી આવ્યો હતો. ફરિયાદી જ્યારે સીડી ઉતરીને નીચે જઈ રહ્યા હતા, ત્યારે આરોપીએ ઘરમાંથી છરી લાવી પિન્ટુભાઈના વાંસાના ભાગે ઝીંકી દીધી હતી. હુમલા બાદ આરોપીએ ધમકી આપી હતી કે જો હવે ફરી ક્યારેય ભાડાના પૈસા માંગીશ તો જાનથી મારી નાખીશ. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક મોરબી રોડ પર આવેલી માધવ કિલનિક ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને વાંસાના ભાગે પાંચ ટાંકા આવ્યા છે.

આ મામલે ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશનમાં આરોપી મેરામભાઈ પરેશા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩) તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરવા બદલ કાર્યવાહી કરી છે. હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહ સુરેન્દ્રસિંહ ગોહીલ દ્વારા આ કેસની વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે. આ બનાવને પગલે શિવનગર અને ઘંટેશ્વર વિસ્તારમાં ચકચાર મચી છે. પિન્ટુભાઈએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે આરોપીએ વિશ્વાસમાં લઈને ઘરે બોલાવ્યા બાદ આ હુમલો કર્યો હતો.

---

# ગૃહકલેશથી કંટાળેલા પ્રૌઢાએ ઝેરી દવા ગટગટાવી

રાજકોટ, તા.૧૫

મવડી વિસ્તારમાં આવેલા ઓમનગરમાં રહેતા પ્રૌઢાએ ગૃહકલેશથી કંટાળી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેમને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ મવડી પ્લોટમાં આવેલા ઓમનગર પાર્ક શેરી નં.૧માં રહેતા નયનાબેન કિશોરભાઈ હરણેસા (ઉ.વ.૫૮) નામના પ્રૌઢાએ આજે સવારે પોતાના ઘરે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતા તેમને સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પીટલે દોડી જઇ નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આપઘાતને પ્રયાસ કરનાર નયનાબેન જીદ્દી સ્વભાવના હોવાનું અને તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. તેમના પતિ કલરકામ કરે છે. ગૃહકલેશથી કંટાળી આ પગલુ ભરી લીધાનું પોલીસનું પ્રાથમિક અનુમાન હોવાનું જાણવા મળ્યું છે.

**બે શ્રમિક દાઝી ગયા**

કે.પી.સોસાયટીની ઘટના; બંને યુવાન સારવારમાં શહેરમાં રામવન નજીક આવેલી કે.પી.સોસાયટીમાં એસીડ ભરેલું ડબલુ ઢોળાઈ જતાં બે શ્રમિક દાઝયા હતાં. બન્ને યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રામવન નજીક આવેલા કે.પી.સોસાયટીમાં રહેતાં તસ્લીમ સલીમભાઈ ખાન (ઉ.૩૫)ના હાથે બાથરૂમમાં એસીડ ભરેલું ડબલુ ઢોળાઈ ગયું હતું. તે દરમિયાન ઉમેશ પાસ્વાન (ઉ.૩૫) બાથરૂમમાં જતાં લપસી પડ્યો હતો. અકસ્માતે બન્ને યુવક દાઝી જતાં સારવારમાં ખસેડાયા હતાં. આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**નાસતો ફરતો અખ્તર ઝડપાયો**

કુવાડવા રોડ પોલીસ સ્ટેશન તેમજ મોરબી જિલ્લાના ટંકારા પોલીસ સ્ટેશનના દારૂના ગુનામાં નાસતા ફરતા રાજકોટના રૈયા રોડ સ્થિત નહેરુનગરમાં રહેતા અખ્તર સોકત કચરાને પેરોલ ફર્લો સ્કવોડની ટીમે ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી કરી છે



ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા

---

# અસ્વસ્થ યુવતીને જીવલેણ હાર્ટ એટેક

### જુદા જુદા ચાર સ્થળે ચાર લોકોના બેભાન અવસ્થામાં મોતથી સ્વજનોમાં કલ્પાંત



રાજકોટ, તા.૧૫

સદર બજાર વિસ્તારમાં આવેલ ઠક્કરબાપા હરીજનવાસમાં રહેતી અસ્થિર મગજની યુવતીનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું હતું.

બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, સદરબજાર વિસ્તારમાં આવેલા ઠક્કરબાપા હરીજનવાસમાં રહેતી નઝમાબેન મહમદ હનીફભાઈ શેખ નામની ૩૮ વર્ષની યુવતી પોતાના ઘરે હતી ત્યારે સાંજના સાતેક વાગ્યાના અરસામાં હૃદયરોગનો હુમલો આવતાં બેભાન હાલતમા ઢળી પડી હતી. યુવતીને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં તેનું મોત નિપજતાં પરિવારમાં માતમ છવાયો છે. પ્રાથમિક તપાસમાં મૃતક યુવતી બે ભાઈ એક બહેનમાં નાની અને અપરિણીત હતી. મૃતક યુવતી માનસિક બિમારીમાં સપડાઈ હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત જુદા જુદા ચાર સ્થળે ચાર લોકોના બેભાન હાલતમાં મોત નિપજ્યા છે. જેમાં કુવાડવા રોડ પર જય ગુરૂદેવ પાર્કમાં રહેતા મધુબેન પ્રેમજીભાઈ ડોબરીયા (ઉ.૫૩), ભવનાથ પાર્કમાં રહેતા કિશોરભાઈ જીવાભાઈ લીલા (ઉ.૫૮), બાબરીયા કોલોનીમાં રહેતા જેનાબેન જમીલભાઈ (ઉ.૭૮) અને હોસ્પિટલચોકમાં ૪૫ વર્ષિય પ્રૌઢનું બેભાન હાલતમાં મોત નિપજ્યું હતું. ચારેય બનાવો અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

---

# ફાટીને ધૂમાડે ગયેલા બૂટલેગરોનો પોલીસ ઉપર હુમલો

### મોબાઈલ ઝૂંટવી લીધા : પોલીસ સ્ટેશનમાં પણ ધમાલ મચાવી : દેશી દારુના દરોડા દરમિયાન છડેચોક દાદાગીરી બતાવી : ફરજમાં રૂકાવટના બે ગુના

રાજકોટ, તા.૧૫

પોલારપર રોડ વિસ્તારમાં દારૂનો દરોડો પાડવા ગયેલી પોલીસ ટુકડી પર હુમલો કરી ફરજમાં સ્કાવટ ઊભી કરનાર ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. દારૂના દરોડા દરમિયાન આરોપીઓએ પોલીસ સાથે ઝપાઝપી કરી નાસી જવાનો પ્રયાસ કર્યો હતો. જસદણ પોલીસ સ્ટેશનના પી.આઈ જે.પી. ગોસાઈની સુચનાથી એ.એસ.આઈ. હરીશભાઈ વેસ્તાભાઈ ચૌધરી અને તેમની ટીમે પોલારપર રોડ પાસે આવેલી કિશોરભાઈ જીવાભાઈની વાડીમાં દેશી દારૂનું વેચાણ થઈ રહ્યું છે. આ બાતમીના આધારે રાત્રે ૨૦:૦૦ વાગ્યાની આસપાસ દરોડો પાડતા સ્થળ પરથી દેશી દારૂ ભરેલો પ્લાસ્ટિકનો કેરબો મળી આવ્યો હતો. જ્યારે પોલીસ આરોપીઓને પકડીને પોલીસ સ્ટેશન લઈ જવાની તજવીજ કરી રહી હતી, ત્યારે હાજર ચાર શખ્સોએ અચાનક પોલીસ કાર્યવાહીમાં અવરોધ પેદા કર્યો હતો.

આરોપીઓએ મુખ્ય આરોપી અશ્વિનને દારૂના જથ્થા સાથે ભગાડવાનો પ્રયાસ કર્યો અને પોલીસ કર્મચારીઓ સાથે ઝપાઝપી શરૂ કરી દીધી હતી. જ્યારે એ.એસ.આઈ. ચૌધરીએ વધારાની પોલીસ મદદ માટે ફોન કરવાનો પ્રયત્ન કર્યો, ત્યારે આરોપીઓએ તેમને ખિસ્સામાંથી મોબાઈલ ફોન ચૂંટવી લેવાની પણ કોશિશ કરી હતી. આ કેસમાં પોલીસે ભારતીય ન્યાય સંહિતા (ઇગજ) ની કલમ ૨૨૧ અને ૫૪ હેઠળ ગુનો નોંધ્યો જેમાં અશ્વિનભાઈ ઉર્ફે હસુ બીજલભાઈ સોલંકી (ઉંમર ૨૮) કિશોરભાઈ જીવાભાઈ રેણુકા (ઉંમર ૬૫) હસમુખભાઈ જીવાભાઈ રેણુકા (ઉંમર ૬૮),દીનેશભાઈ કિશોરભાઈ રેણુકા (ઉંમર ૩૬) ને છોડાવવા ધમાલ મચાવી હતી. આ મામલે પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી અને વધારે પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચતા ચારેય આરોપીઓને કાબૂમાં લેવામાં આવ્યા હતા અને તેમને જસદણ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા.



### પોલીસ સ્ટેશનમાં ધમાલ મચાવનાર શિક્ષક સહિત ત્રણની ધરપકડ

પોલીસે પોલારપર રોડ વિસ્તારમાં દારૂનો દરોડો પડયા બાદ પોલીસ સાથે અશ્વિનભાઈ ઉર્ફે હસુ બીજલભાઈ સોલંકી, કિશોરભાઈ જીવાભાઈ રેણુકા, હસમુખભાઈ જીવાભાઈ રેણુકા અને દીનેશભાઈ કિશોરભાઈ રેણુકાએ ઘર્ષણ કર્યું હતું બાદમાં આ ચારેયને પોલીસ મથકે લાવવા માં આવ્યા હતા. ત્યારે તેના સગા હોવાનું કહી ત્રણ શખ્સોએ સ્ટેશનમાં નશાની હાલતમાં આવી સરકારી ફરજમાં રુકાવટ પેદા કરવા તેમજ પોલીસ કર્મચારીઓને ગંભીર ધમકીઓ આપી હતી. જે મામલે ત્રણ શખ્સો વિરુદ્ધ અલગથી બીજો ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા અગાઉ પોલારપર રોડ પરથી દેશી દારૂના કેસમાં અશ્વિન સોલંકી, કિશોર રેણુકા, હસમુખ રેણુકા અને દિનેશ રેણુકા નામના ચાર શખ્સોની અટકાયત કરવામાં આવી હતી. આ આરોપીઓને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા ત્યારે તેમના સગા-વ્હાલા હોવાનું જણાવી ત્રણ શખ્સો નશાની હાલતમાં ત્યાં ધસી આવ્યા હતા. ફરિયાદી પોલીસ કોન્સ્ટેબલ રાહુલભાઇ ઝાપડીયાના જણાવ્યા અનુસાર, આરોપીઓએ પોલીસ સ્ટેશનમાં જોર-જોરથી બુમબરાડા પાડી વાતાવરણ તંગ બનાવ્યું હતું. તેઓએ પોલીસને ધમકાવતા કહ્યું હતું કે, તમો બધા પોલીસને જોઈ લેશું અને ખોટા કેસોમાં ફિટ કરી હેરાન કરીશુંનસ્ત્ર. વધુમાં, તેઓએ કોર્ટમાં ખોટા કેસો કરવા માટે પાંચ લાખ રૂપિયા સુધીનો ખર્ચ કરવાની પણ ઉદ્ધત ધમકી આપી પોલીસને તેમની કાયદેસરની ફરજ બજાવતા અટકાવ્યા હતા. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી જસદણના નિર્મળભાઈ ગૌતમભાઈ હિરપરા (ઉં.વ. ૩૫) રાજકોટના સંજયભાઇ હસમુખભાઈ રેણુકા અને શિક્ષક પ્રશાંતભાઇ બળવંતભાઇ રેણુકા સામે ફરજમાં રુકાવટનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# શેરબજારમાં ભાગીદારીના નામે રૂ. ૬.૭૫ કરોડની ઠગાઈ




## વુપ એમ્યુઝમેન્ટ પાર્કના સંચાલકો સામે પોલીસ ફરિયાદ દાખલ થઈ

રાજકોટ, તા. ૧૫

ફ્રોડની વધુ એક ઘટના સામે આવી છે. ઠેકઠેકાણે રોકાણકારોને લાલચ આપી નાણાં પડાવવાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે, ત્યારે વુપ એમ્યુઝમેન્ટ પાર્કના સંચાલકો દ્વારા એક વ્યક્તિને કંપનીમાં ડાયરેક્ટર અને પાર્ટનર બનાવવાનું કહી રૂ. ૬.૭૫ કરોડની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદની આ ઘટનામા સમગ્ર મામલે રજત મહીન્દુ અને નિશા મહીન્દુ સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આરોપી રજત અને નિશા મહીન્દુએ ફરિયાદીને પોતાના પ્રોજેક્ટમાં રોકાણ કરવા માટે વિશ્વાસમાં લીધા હતા. તેઓએ ફરિયાદીને એવી ખાતરી આપી હતી કે જો તેઓ કંપનીમાં મોટી રકમનું રોકાણ કરશે, તો તેમને કંપનીમાં મહત્વના હોદ્દા પર ભાગીદાર બનાવવામાં આવશે. આ લાલચમાં આવીને ફરિયાદીએ અલગ-અલગ સમયે બેંક ટ્રાન્ઝેક્શન અને અન્ય માધ્યમોથી કુલ રૂ. ૬.૭૫ કરોડ જેવી માતબર રકમ આરોપીઓને સોંપી હતી.

આરઓસીમાં નોંધણી વગરના બોગસ શેર પધરાવ્યા. આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ જીતવા માટે તેમને કંપનીના શેર આપ્યા હોવાનું જણાવી કાગળ પર શેર સર્ટિફિકેટ્સ પણ આપ્યા હતા. પરંતુ આ આખી રમત ત્યારે ખુલ્લી પડી જ્યારે ફરિયાદીએ આ શેરની કાયદેસરતા તપાસી. તપાસમાં જાણવા મળ્યું કે આરોપીઓએ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ એટલે કે આરઓસીમાં આ શેર ટ્રાન્સફર અંગેની કોઈ સત્તાવાર પ્રક્રિયા જ કરી નહોતી.

માત્ર કાગળ પર ખોટા શેર બતાવીને ફરિયાદી પાસેથી કરોડો રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતા. લાંબા સમય સુધી ભાગીદારી કે વળતર ન મળતા અને દસ્તાવેજોમાં ગરબડ જણાતા અંતે ફરિયાદીએ પોલીસના દ્વાર ખખડાવ્યા છે. પોલીસે રજત મહીન્દુ અને નિશા મહીન્દુ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી તેમની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. આ કૌભાંડમાં અન્ય કોઈ મોટા માથાઓ સામેલ છે કે કેમ અને ફરિયાદીના નાણાં ક્યાં ડાયવર્ટ કરવામાં આવ્યા છે, તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

કુવાડવા રોડ શહીદ ઉધમસિંહ ટાઉનશીપમાં બનાવઃ બી ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી

## બહેનપણીનો વિશ્વાસઘાતઃ કપડાં બદલવાના બહાને ચોરી

### બેડરૂમમાં કપડાં માપવામાં શરમ આવે કહી સખીને બહાર મોકલી તિજોરી સાફ કરી

રાજકોટ, તા . ૧૫

કુવાડવા રોડ પર આવેલી શહીદ ઉધમસિંહ ટાઉનશીપમાં વિશ્વાસઘાત અને ચોરીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં રહેતા શિતલબેન લીંબાસીયાના ઘરે તેમની જ પરિચિત બહેનપણી મુસ્કાનબેન સરવદી સાડી જોવાના બહાને આવ્યા હતા. વાતચીત દરમિયાન મુસ્કાનબેને ''મારે બ્લાઉઝનું માપ લેવું છે અને કપડાં બદલવા છે, તમે બહાર જાઓ મને શરમ આવે છે'' તેમ કહી શિતલબેનને બેડરૂમની બહાર મોકલી દરવાજો અંદરથી બંધ કરી ચોરી કરી લીધી છે.



વિગતો પર નજર કરીએ તો કુવાડવા રોડ પર આવેલી શહીદ ઉધમસિંહ ટાઉનશીપમાં રહેતા શિતલબેન સંજયભાઈ લીંબાસીયાએ પોતાની જ એક પરિચિત મહિલા વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવી છે. શિતલબેન ઘરે ઈમિટેશનનું કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ગત તારીખ ૧૨ એપ્રિલના રોજ બપોરના સમયે તેમની જ વિંગમાં રહેતી તેમની બહેનપણી મુસ્કાનબેન રિયાજભાઈ સરવદી તેમના ઘરે આવ્યા હતા અને કોઈ પ્રસંગમાં પહેરવા માટે સાડી જોવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. શિતલબેને વિશ્વાસ રાખીને તેમને સાડીઓ બતાવી હતી, તે દરમિયાન મુસ્કાનબેને બ્લાઉઝનું માપ લેવા અને કપડાં બદલવા માટે રૂમમાં એકલા રહેવાની વાત કરી હતી. તેમણે શિતલબેનને એવું કહીને રૂમની બહાર કાઢ્યા હતા કે તેમને શરમ આવે છે. ત્યારબાદ મુસ્કાનબેને બેડરૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. થોડીવાર પછી તેઓ રૂમમાંથી બહાર નીકળી, પસંદ કરેલી સાડી લઈને પોતાના ઘરે પરત ફર્યા હતા.

સાંજના સમયે જ્યારે શિતલબેને કબાટ ખોલીને તપાસ કરી ત્યારે તેમના હોશ ઊડી ગયા હતા. તિજોરીમાં રાખેલી અડધા તોલાની સોનાની પાંદડી, કાનની કડી, નાની દીકરીના સોનાના દાણા, સોનાનું ''ઓ'' લકેટ, ચાંદીની ઝાંઝરી અને રોકડ રકમ મળીને કુલ ₹૭૯,૦૦૦ની મતા ગાયબ હતી. પતિ બહારગામ હોવાથી શિતલબેને મોડેથી પોલીસનો સંપર્ક કર્યો હતો.

આ મામલે કુવાડવા પોલીસે શિતલબેનની ફરિયાદના આધારે મુસ્કાનબેન વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. વિશ્વાસમાં લઈને ચોરી કરવાની આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચર્ચા જગાવી છે. શિતલબેને પોલીસને જણાવ્યું છે કે તેમને પૂરો ભરોસો છે કે કપડાં બદલવાના બહાને મુસ્કાનબેને જ તિજોરીમાંથી આ દાગીના ચોર્યા છે. પીએસઆઇ સોલંકીએ તપાસ હાથ ધરી છે.

રાજકોટના લોધિકામાં સ્ટેટ મોનિટરિંગ સેલનો સપાટો

## માખાવડના ફાર્મહાઉસમાંથી ૧૧.૧૬ લાખનો દારૂ જપ્ત

### ઉમિયા ચોકનો અજય ભારડા ઝડપાયોઃ ઉમંગ કામાણી, હરિયાણા, રાજકોટના શખ્સની શોધખોળઃ હરિયાણાથી આવ્યો હતો ઉચ્ચ ગુણવત્તાનો દારૂ




રાજકોટ,તા.૧૫

દારૂબંધીના કાયદાના કડક અમલીકરણ માટે કાર્યરત સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે આજે રાજકોટ ગ્રામ્યના લોધિકા તાલુકામાં એક મોટી કાર્યવાહી પાર પાડી છે. ગુપ્ત બાતમીના આધારે એસેમસીની ટીમે લોધિકા પોલીસ મથકની હદમાં આવતા માખાવડ ગામના એક ફાર્મહાઉસ પર ઓચિંતા દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન પોલીસને મસમોટો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા સ્થાનિક પોલીસની કામગીરી પર પણ સવાલો ઉભા થયા છે.

એસએમસીના પીએસઆઈ એસ.વી. ગલચર અને તેમની ટીમ દ્વારા પાડવામાં આવેલા આ દરોડામાં ફાર્મહાઉસના પરિસરમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૭૩૯ બોટલો મળી આવી હતી. બજાર કિંમત મુજબ આ દારૂના જથ્થાની કિંમત રૂ. ૧૧,૧૬,૦૦૦ થાય છે. દારૂના જથ્થા ઉપરાંત પોલીસે સ્થળ પરથી દારૂની હેરાફેરીમાં વપરાતું એક વાહન કિંમત રૂ. ૩૫,૦૦૦ અને એક મોબાઈલ ફોન કિંમત રૂ. ૫,૦૦૦ સહિત કુલ રૂ. ૧૧,૫૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગત સામે આવી છે કે પકડાયેલો આ દારૂનો જથ્થો છેક હરિયાણાથી મંગાવવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલી બોટલો પરના લેબલ મુજબ, તેમાં 'રોયલ ચેલેન્જ' (ગ્લોબસ સ્પિરિટ લિમિટેડ, પાણીપત), 'મેજિક મોમેન્ટ ગ્રેઈન વોડકા' (ગ્લોબલ બોટલર્સ, કરનાલ) અને 'બ્લેન્ડર્સ પ્રાઈડ' (પર્નોડ રિકાર્ડ ઈન્ડિયા, કરનાલ) જેવી નામાંકિત બ્રાન્ડ્સનો સમાવેશ થાય છે. આ બાબત સૂચવે છે કે આંતરરાજ્ય બુટલેગરોનું મોટું નેટવર્ક રાજકોટ ગ્રામ્યમાં સક્રિય છે.

પોલીસે આ દરોડા દરમિયાન રાજકોટના ઉમિયા ચોક વિસ્તારમાં રહેતા અજય રમેશભાઈ ભારડા નામના શખ્સની ધરપકડ કરી છે. પણ આ નેટવર્કના મુખ્ય સૂત્રધારો હજુ પોલીસ પકડથી દૂર છે. જેમાં દારૂનો સપ્લાયર મનાતો ઉમંગ કામાણી પટેલ (રહે. મવડી, રાજકોટ), હરિયાણાનો એક અજ્ઞાત સપ્લાયર અને રાજકોટમાં દારૂનો જથ્થો મેળવનાર (રીસીવર) અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. એસએમસીએ પકડાયેલા આરોપી અને તમામ મુદ્દામાલ આગળની તપાસ માટે લોધિકા પોલીસ સ્ટેશનને સોંપ્યો છે. આ કેસમાં પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો જેવી કે ૬૫(અ)(ઊ), ૮૧, ૮૩, ૯૮(૨) અને ૧૧૬(ઇ) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલમાં પોલીસ ફરાર આરોપીઓને પકડવા માટે ટેકનિકલ સર્વેલન્સ અને મોબાઈલ લોકેશનના આધારે તપાસ ચલાવી રહી છે. આ દરોડાને પગલે પંથકના બુટલેગરોમાં દોડધામ મચી ગઇ છે.

દિલ કે અરમાં આંસુઓ મેં બહ ગયે, પણ પતિના !!

## પત્ની પરપુરુષ સાથે પલાયન પતિએ વખડા ઘોળ્યા

રાજકોટ, તા.૧૫

સાધુવાસવાણી રોડ પર દર્શન પાર્કમાં રહેતાં યુવકની પત્ની પર પુરૂષ સાથે ભાગી ગયા બાદ પરત નહીં આવતાં યુવાને ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકની તબિયત લથડતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ સાધુવાસવાણી રોડ પર આવેલા દર્શન પાર્કમાં રહેતાં ભાવેશ કિશોરભાઈ વાઘેલા નામનો ૨૪ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે મધરાત્રે ફિનાઈલ પી લીધું હતું. યુવકની તબિયત લથડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ગામે રહેતા ફૈઈની દીકરી કોમલ સાથે સાત વર્ષ પહેલા લગ્ન થયા હતાં અને છેલ્લા પંદર દિવસથી પત્ની કોમલબેન ગોંડલમાં રહેતાં યુવક સાથે ભાગી ગઈ હતી. પત્ની પ્રેમી સાથે ઝડપાઈ ગયા બાદ ઘરે પરત નહીં આવતાં ભાવેશ વાઘેલાએ ફિનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત બીજા બનાવમાં રેલનગર વિસ્તારમાં છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં રહેતાં રાહીલ હનીફભાઈ ગણીયા (ઉ.૨૪) ભીલવાસમાં હતો ત્યારે મગજ ભમતા ઝેરી ટીકડા ખાઈ લીધા હતાં. યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



સાધુ વાસવાણી રોડ પરના દર્શન પાર્કનો બનાવ : અસરગ્રસ્ત યુવાન સારવારમાં

ઉછીના લીધેલા રૂપિયા સામે મકાન લખી આપ્યું પણ બીજાને વેચી માર્યું !

## ઘરમ કરતા ધાડઃ ફઈના દીકરાએ માર્યો ૨૦ લાખનો ધુંબો

### નવાગામ આણંદપરના નવીન ચાવડા સામે ૨૦ લાખની છેતરપિંડીનો ગુનો

રાજકોટ તા ૧૫

રહ્યા ચોકડી શિવ પરા શેરી નંબર છ જયંત સમૃદ્ધિમાં રહેતા કલ્પેશ જયંતીભાઈ પરમાર એ પોતાની સાથે રૂપિયા ૨૦ લાખની છેતરપિંડી થઈ હોવાની નવાગામ આણંદ પરના નવીનભાઈ નવતમ લાલ ચાવડા સામે ફરિયાદ નોંધાવતા કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી નવીનની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે

કલ્પેશ પરમાર એ ફરિયાદમાં જણાવ્યું છે કે પોતે ઉપરના સરનામે રહે છે અને ન્યૂઝ પેપર ડીલેવરી નું કામ કરે છે તેમના ફઈબા ઇન્દુબેન નૌત્તમનૌતમભાઈ ચાવડાનો દીકરો નવીન નૌતમભાઈ ચાવડા આશરે ત્રણ વર્ષથી નવાગામ આણંદપર ખાતે રહે છે અને તેના પિતાના નામનું ક્વાર્ટર નંબર ૪૬ આણંદપર નવાગામ ઇડબલ્યુએસ યોજનામાં લાગ્યું હતું. તેમજ તેમના ફઈના દીકરો નવીન સંત કબીર રોડ ઉપર એડન મોબાઈલ નામની દુકાન ચલાવતો હતો. હાલ ત્યાં ખાલી કરી સાપર વેરાવળ ખાતે મોબાઇલની દુકાન ચલાવે છે.

આજથી ચાર વર્ષ પહેલાં કલ્પેશભાઈ લીમડા ચોકમાં હતા ત્યારે તેમના ફઈબાના દીકરા નવીન નૌતમલાલ ચાવડાએ આવીને કહ્યું હતું કે મકાનનો દસ્તાવેજ કરવાનો હોવાથી રૂપિયા બે લાખની જરૂર છે. એટલે તેમને રૂપિયા બે લાખ આપ્યા હતા. થોડા સમય પછી પાછો આવીને આજીજી કરવા લાગ્યો હતો કે ઘરનો દસ્તાવેજ કરવાનો હોવાથી મને રૂપિયા આપો તમારા સિવાય કોઈ નથી. તેમ કહીને થોડા થોડા કરી કલ્પેશભાઈ પાસેથી તેમણે અઢી વર્ષ દરમિયાન રૂપિયા ૨૦ લાખ રોકડા લઈ ગયો હતો પૈસા લેતી સમયે નવીનભાઈએ કલ્પેશભાઈ ને એવું પણ કહ્યું હતું કે આપણા આ વહેવાર અંગે મારા ઘરે વાત ન કરતા કેમ કે તેમના મમ્મીને બીપીની તકલીફ છે. એટલે કલ્પેશભાઈએ પોતાના ઘરે કે નવીનના ઘરે આ બાબતે કોઈને વાત કરી ના હતી.




કટકે કટકે રૂપિયા ૨૦ લાખ લીધાના અઢી વર્ષ પછી પૈસા માંગવાની શરૂઆત કરતા નવીન ગલ્લા તલ્લા કરીને દર વખતે જુદા જુદા બહાના આપતો હતો. અમુક વાર કહેતો હતો કે તેમની દુકાનમાં ચોરી થઈ ગઈ છે, રૂપિયા ભરી દીધા છે, હું તમને પૈસા આપી દઈશ. થોડા સમય પછી ફરી રૂપિયા માંગવા પ્રયાસ કરતા નવીને જણાવ્યું હતું કે તે પોતાનું મકાન વેચીને પૈસા આપી દેશે.

અંતે પોતાના મકાનનું કલ્પેશભાઈને નોટરી કરી આપ્યું હતું. અને ફરિયાદી કલ્પેશભાઈ ને કહ્યું હતું કે હાલ હું મકાન શોધું છું અને તમને પછી મકાન સોંપી દઈશ. હું જ્યાં સુધી આ ક્વાર્ટર માં રહું ત્યાં સુધીનું ભાડું ભરી આપીશ એવું કહ્યું હતું.

સમય જતા એકવાર કલ્પેશભાઈ નવીનના ઘરે જતા જાણવા મળ્યું હતું કે ત્યાં નવીનભાઈ ને બદલે બીજા કોઈ રહેતા હતા અને આ મકાન તેમણે વેચી નાખ્યું હોવાનું બહાર આવ્યું હતું. આ વાતની ખરાઈ કરવા માટે નવીનને પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે હા મેં મકાન વેચી નાખ્યું છે, તેના રૂપિયા આવે એટલે તમોને આપી દઈશ. આવા જુદા જુદા બહાના બતાવતો હતો પરંતુ ૨૦ લાખ રૂપિયામાંથી એક પણ પૈસો પરત ન કરીને તેમની સાથે રૂપિયા ૨૦ લાખની ઠગાઈ કરાઈ હોવાનું માલુમ પડ્યું હતું. ફરિયાદી કલ્પેશભાઈએ આ બાબતે વકીલ મારફત લીગલ નોટિસ પણ મોકલી હતી છતાં તેમનો જવાબ નવીને આપ્યો ન હતો.

ફરિયાદ મોડી કરવા પાછળ કલ્પેશભાઈએ પોલીસને જણાવ્યું હતું કે નવીનભાઈ તેમના સગા થતા હોય એટલે ધીમે ધીમે પૈસા આપી દેશે તેવું માન્યું હતું. પરંતુ આજ દિન સુધી કોઈ પૈસા પરત ન આપતા ફરિયાદ કરવામાં આવી છે. કુવાડવા રોડ પોલીસે કલ્પેશભાઈની ફરિયાદ પરથી નવીન નૌતમલાલ ચાવડા સામે છેતરપિંડીનો ગુનો નોંધી તેમની ધરપકડની તજવીજ હાથ ધરી છે.

છેતરપિંડીનો ડબલ ડોઝઃ લાલચમાં લપેટી લોકોને ખંખેરવાના ખેલ

# કેનેડા જવાના સપના જોતા યુવકને ૧૮ લાખનો ચૂનો

## બીજી ઘટનામાં બ્રાસપાર્ટ વેપારી સાથે વેપારના નામે દસ લાખની ઠગાઈ

રાજકોટ, તા . ૧૫

લોકોની વિદેશ જવાની ઈચ્છા અને વેપારી જગતમાં ચાલતા પરસ્પર વિશ્વાસનો ફાયદો ઉઠાવીને ગઠિયાઓ માલામાલ થઈ રહ્યા છે. તાજેતરમાં બનેલી બે મોટી ઘટનાઓમાં ઠગબાજોએ કેનેડાના વિઝાની માયાજાળ રચી એક વ્યક્તિને લાખોનો ચૂનો લગાવ્યો છે, તો બીજી તરફ બ્રાસપાર્ટના પ્રતિષ્ઠિત વેપારમાં વિશ્વાસ કેળવી મોટી રકમની છેતરપિંડી આચરવામાં આવી છે. આ બંને મામલે પોલીસ ફરિયાદ નોંધાતા તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો વડોદરાના ભાયલી વિસ્તારમાં એસ્ટ્રોન એવેન્યૂ ખાતે રહેતા અને મૂળ જૂનાગઢના વતની ભાવિન અંકોલા નામના યુવક સાથે કેનેડા મોકલવાના નામે લાખોની છેતરપિંડીની ઘટના સામે આવી છે. ભોગ બનનાર યુવકે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, તેને કેનેડા જવાની ઈચ્છા હોવાથી ફેબ્રુઆરી-૨૦૨૩માં કારેલીબાગ સ્થિત શ્રીપાદ કોમ્પ્લેક્સમાં આવેલી 'અક્ષર ફોરેન એજ્યુકેશન' નામની પેઢીનો સંપર્ક કર્યો હતો. ત્યાં તેની મુલાકાત એજન્ટ અતીત જિતેન્દ્રભાઇ બારોટ સાથે થઈ હતી. અતીતે તેને કેનેડા મોકલી આપવાની સંપૂર્ણ ખાતરી આપી વિશ્વાસમાં લીધો હતો. ત્યારબાદ વિઝા પ્રોસેસ અને અન્ય કાયદાકીય કાર્યવાહીના બહાને એજન્ટે ભાવિન પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂ. ૧૭.૯૭ લાખ જેવી મોટી રકમ પડાવી લીધી હતી.




પૈસા પડાવ્યા બાદ એજન્ટ અતીત બારોટે ભાવિનને વિદેશ જવાના વિવિધ પત્રો પણ આપ્યા હતા, પરંતુ લાંબો સમય વીતવા છતાં વિદેશ જવાની કોઈ વ્યવસ્થા થઈ ન હતી. શંકા જતાં જ્યારે આ લેટર્સની તપાસ કરવામાં આવી ત્યારે તે તમામ દસ્તાવેજો બોગસ હોવાનું જાણવા મળ્યું હતું. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સમજાતા ભાવિને કારેલીબાગ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે સમા-સાવલી રોડ પર લીલેરીયા એપાર્ટમેન્ટમાં રહેતા આરોપી અતીત બારોટ વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

છેતરપિંડીનો બીજો કિસ્સો જામનગરના દરેડ ઔદ્યોગિક વિસ્તારમાંથી પ્રકાશમાં આવ્યો છે, જ્યાં બ્રાસપાર્ટના એક કારખાનેદારને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

રણજીત સાગર રોડ પર યુવા પાર્કમાં રહેતા અને દરેડમાં કારખાનું ધરાવતા મહેન્દ્રભાઈ સુરેશભાઈ તળપદા નામના પટેલ વેપારીએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, મોરબીના યાજ્ઞિકભાઈ કાસુન્દ્રા, હસમુખભાઈ થોરીયા અને જામનગરના મીત ગડારાએ તેમની સાથે છેતરપિંડી આચરી છે. આ ત્રણેય શખ્સોએ વેપારીનો સંપર્ક કરી, તેમને વિશ્વાસમાં લીધા હતા અને તેમની પાસેથી અંદાજે રૂ. ૧૦ લાખની કિંમતનો બ્રાસપાર્ટનો માલ-સામાન ખરીદ્યો હતો.

માલ મેળવી લીધા બાદ જ્યારે પેમેન્ટ ચૂકવવાની વાત આવી ત્યારે ત્રણેય આરોપીઓએ વાયદાઓ કરવાનું શરૂ કર્યું હતું. વેપારીની સતત ઉઘરાણીને પગલે આરોપીઓએ આખરે નોટરી સમક્ષ લખાણ પણ કરી આપ્યું હતું કે તેઓ પૈસા ચૂકવી દેશે.

જોકે, આ લખાણ બાદ પણ આજ દિન સુધી આરોપીઓએ વેપારીને એક પણ રૂપિયો ચૂકવ્યો ન હતો અને પેમેન્ટ આપવા માટે અવનવા બહાનાઓ કાઢતા રહ્યા હતા. આખરે પોતાની મહેનતના પૈસા ન મળતા મહેન્દ્રભાઈએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. જામનગર પોલીસે આ મામલે ત્રણેય શખ્સો વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આમ, વિદેશ જવાના મોહમાં અને વ્યાપારિક સંબંધોના જોખમે નિર્દોષ લોકો છેતરાતા હોવાના કિસ્સાઓ ફરી એકવાર ચર્ચાનો વિષય બન્યા છે.

ગામનાજ ગરિયા કરી જતા હોય ત્યાં બહારનાને શું દોષ દેવો ?

# CNC મશીનની ખરીદીમાં સોની વેપારી સાથે ૬૭ લાખની ઠગાઈ

## સાવરિયા કોર્પોરેશનના સંચાલકો પૈસા મળી ગયા બાદ મશીન આપવાના બદલે ઠેંગો બતાવી રફુચક્કર




રાજકોટ,તા.૧૫

ઘણી વખત પરપ્રાંતીય કે વિદેશના સાયબર ભેજાબાજો છેતરપીંડી કરે ત્યારે છેતરાયેલા લોકો અફસોસ કરતા હોય છે કે કેમ પકડાવીશું ઠગ ટોળકીને, પણ ગામનાજ ગરિયા કરી જાય ત્યારે કોને દોષ દેવો તેવી વિમાષન સર્જાતી હોય છે. આવી જ વાત રાજકોટના એક સોની મહાજન માટે સાબિત થઇ છે.

શહેરના સોની બજારમાં ઓફિસ ધરાવતાં સોની વેપારી સાથે સીએસી મશીનની ખરીદીમાં રૂા.૬૭.૨૬ લાખની છેતરપીંડી થયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. સોની વેપારીએ સીએનસી મશીન ખરીદવા માટે ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલી સાવરીયા કોર્પોરેશન નામની પેઢીને રૂપિયા ૬૭.૨૬ લાખ ટ્રાન્સફર કર્યા બાદ પેઢીના સંચાલકો મશીન આપવાના બદલે પેઢીને તાળા મારી રફુચક્કર થઈ ગયા હતાં. જેથી વેપારી સાથે છેતરપીંડી થતાં તેણે ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જાણવા મળતી વિગત મુજબ, ગોંડલ રોડ પર રહેતા અને સોની બજારમાં જય ભવાની ડાઈસ મેક નામની પેઢી ધરાવતા કૃણાલભાઈ ભરતભાઈ પાલાએ આર્થિક ગુન્હા નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીના જણાવ્યા મુજબ, તેમને પોતાના વ્યવસાય માટે સીએનસી મશીનની જરૂર હતી, જેનો ફાયદો ઉઠાવી સાવરીયા કોર્પોરેશન નામની પેઢીના સંચાલકોએ મશીન આપવાના બહાને લાખો રૂપિયા પડાવી લીધા હતા અને મશીન આપ્યા વગર જ દુકાનને તાળા મારી ફરાર થઈ ગયા હતા.

આ ગુનામાં પોલીસે રાહુલભાઈ લક્ષ્મણભાઈ સાગઠીયા (પ્રોપરાઈટર), જયદીપભાઈ ગીરીશભાઈ નનેરા અને આશિષભાઈ પટેલ નામના શખ્સો સામે છેતરપીંડીનો ગુનો દાખલ કર્યો છે. ફરિયાદીના મિત્ર નૈમિસભાઈ મારફતે આ શખ્સોનો સંપર્ક થયો હતો. રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર શિલ્પ કોમ્પ્લેક્ષમાં આવેલી તેમની ઓફિસે જ્યારે ફરિયાદીના પિતા અને ભાઈ મુલાકાતે ગયા, ત્યારે આરોપીઓએ વિશ્વાસમાં લઈને મશીનના કેટલોગ અને ફોટા બતાવી ૨૬૭.૨૬ લાખનું કોટેશન આપ્યું હતું. મશીન ખરીદવા માટે ફરિયાદીએ ટુકડે-ટુકડે મોટી રકમ ચૂકવી હતી. પ્રથમ તબક્કે, જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન પોતાના બેંક ખાતામાંથી રૂા.૧૭,૩૬,૦૦૦/છ્ઘ્ઞ્જી દ્વારા સાવરીયા કોર્પોરેશનના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ, બાકીની રકમ માટે જીઇંઈ બેંકમાંથી રૂા.૪૯,૯૦,૦૦૦/-ની લોન મંજૂર કરાવી હતી, જે રકમ પણ સીધી આરોપીઓની પેઢીના ખાતામાં જમા થઈ ગઈ હતી. આમ,

કુલ રૂા.૬૭,૨૬,૦૦૦/- મેળવી લીધા બાદ મશીનની ડિલિવરી લેવાનો સમય આવ્યો ત્યારે આરોપીઓએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. પૈસા ચૂકવી દીધા બાદ જ્યારે મશીન ન મળ્યું, ત્યારે ફરિયાદીના પરિવારજનોએ સાવરીયા કોર્પોરેશનની ઓફિસે રૂબરૂ તપાસ કરી હતી. જોકે, ત્યાં ઓફિસને તાળા મારેલા જોવા મળ્યા હતા અને આરોપીઓનો કોઈ સંપર્ક થઈ શક્યો નહોતો. વારંવારની તપાસ બાદ પણ કોઈ પ્રતિસાદ ન મળતા ફરિયાદીને તેમની સાથે છેતરપીંડી થયાનું માલુમ પડતાં તેણે ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી હતી. જેને આધારે પોલીસે સાવરીયા કોર્પોરેશનના પ્રોપરાઈટર સહિત ત્રણ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બે નામચીન બુટલેગરો પાસાના પિંજરે પુરાયા

## પીસીબી પોલીસે મનીષ પાઉંને અમદાવાદ તેમજ જય વાઢેરને કર્યો વડોદરા જેલભેગા

રાજકોટ, તા.૧૫

શહેરમાં દારૂ જેવી ભયંકર બદીસાથે સંકળાયેલા બે બુટલેગરોને પીસીબી પોલીસે કમિશનરના આધારે પાસા વોરંટના આધારે ઝડપી લઈને અમદાવાદ તેમજ વડોદરા મધ્યસ્થ જેલમાં મોકલી દીધા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અનુસંધાને ટોપ ટુ બોટમ વહીવટી અને પોલીસ તંત્ર શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજાઈ તે માટે સલામતીના પગલાં લઈ રહ્યા છે. ગુનાખોરી ક્ષેત્રે ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા તત્વોને પકડી પકડીને પોલીસે પાસા તળે જુદા જુદા શહેરોની જેલમાં ધકેલી દીધા છે.

બીજી બાજુ પીસીબી પોલીસે અગાઉ ૧૯ વખત ગુનામાં પકડાઈ ચૂકેલા અને પાસાની હવા ખાઈ ચૂકેલા ''જય ભવાની કૃપા, કષ્ટભંજન મેઈન રોડ, લાખના બાંગલા પાછળ ગાંધીગ્રામના મનીષ ગીરીશભાઈ પાઉ ને અમદાવાદને મધ્યસ્થ જેલમાં તેમજ સદગુરુ પાર્ક, બ્લોક-૭, મોદી સ્કુલની સામે કીડવાઇનગર પાસે ૧૫૦ ફુટ રીંગ રોડ પર રહેતા જય મુકેશભાઇ વાઢેરને વડોદરા જેલ હવાલે કર્યો છે.




મનીષ ગીરીશભાઇ પાંઉ




જય મુકેશભાઇ વાઢેર

બંને બુટલેગરો વિરુદ્ધ પીસીબીના ઇન્ચાર્જ પી.આઇ. એમ. આર. ગોંડલીયા દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી અને મંજૂરી માટે પોલીસ કમિશનર સમક્ષ મોકલાઈ હતી. જે બંને દરખાસ્તો પર પોલીસ કમિશનરે મંજૂરીની મહોર મારી દેતા બંનેને પાસા વોરંટની બજવણી કરીને ઝડપી લેવાયા હતા. પોલીસે વધુ વિગતો આપી હતી કે મનીષ પાવ સામે અગાઉ ૧૯ ગુના નોંધાઈ ચૂક્યા છે તેમજ જય સામે અગાઉ ત્રણ ગુના નોંધાઈ ચૂક્યા છે. બંને બુટલેગરને ઝડપી લેવા માટે પીસીબીના પી.આઇ. એમ. આર. ગોંડલીયા., પીએસઆઇ પી.બી. ત્રાજિયા, આર.કે જાડેજા, એ.એસ.આઇ મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, રાજુભાઈ દહેક્વાલ, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મહેતા, ઉમેશભાઈ ચાવડા, દિલીપભાઈ બોરીચા, રાહુલગીરી ગોસ્વામી, ઈન્દ્રજીતસિંહ સિસોદિયા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઈ જાડા, નવીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી, વીરેન્દ્રસિંહ પરમાર વિશાલભાઈ દવે તેમજ જયેશભાઈ ગઢવીએ કાર્યવાહી કરી હતી.

# કુવાડવા નજીક સોની દંપતીનો આપઘાતનો પ્રયાસ

## સોનું ઓળવી ગયાની ફરિયાદ થયા બાદ ઔરંગાબાદ પોલીસે ઘરમાં સામાન વેરવિખેર કરી નાખતા ડરના માર્યા પગલું ભર્યાનું તારણ





રાજકોટ, તા,૧૫

રાજકોટના મોરબી રોડ પર આવેલા જે.કે. એપાર્ટમેન્ટમાં રહેતા સોની સમાજના વેપારી વિશાલ હરકિશનભાઈ ઝિંઝુવાડીયા (ઉં.વ. ૪૧) અને તેમના પત્ની પૂજાબેન (ઉં.વ. ૩૯) એ રાત્રિના સમયે કુવાડવા પાસે આવેલા રામધામ મંદિર નજીક ફિનાઈલ પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતા જ બંનેને સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. વિશાલભાઈ મૂળ સોની કામના વ્યવસાય સાથે જોડાયેલા છે, પરંતુ હાલમાં તેઓ રેલનગર વિસ્તારમાં હરિ કચ્છી દાબેલી બ્રેડ' નામે ખાણીપીણીનો ધંધો ચલાવી રહ્યા છે. આ દંપતી સંતાનમાં એક દીકરો અને બે દીકરીઓ ધરાવે છે, જેઓ આ ઘટનાથી સ્તબ્ધ થઈ ગયા છે.

મળતી માહિતી મુજબ, વિશાલભાઈ અને પૂજાબેન ગઈકાલે પોતાની કાર લઈને અમદાવાદ સોલા રોડ પર આવેલા જોગમાયા ધામ માતાજીના મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. માતાજીના દર્શન કરી પરત કરી રહ્યા હતા ત્યારે માનસિક તણાવમાં રહેલા દંપતીએ કુવાડવા નજીક રામધામ મંદિર પાસે કાર ઉભી રાખી હતી અને ત્યાં જ ફિનાઈલ ગટગટાવી લીધું હતું.

હોસ્પિટલના બિછાનેથી જાણવા મળ્યું છે કે, આ આત્યંતિક પગલા પાછળ પોલીસની હેરાનગતિ અને ભવિષ્યમાં થનારા સંભવિત શારીરિક ત્રાસનો ડર જવાબદાર હતો.આ સમગ્ર મામલાના મૂળમાં ભૂતકાળમાં નોંધાયેલી એક પોલીસ ફરિયાદ છે. ઓરંગાબાદના અંકિતા જ્વેલર્સના માલિક આતીફભાઈએ વિશાલભાઈ, તેમના સાથી જયદીપ અને કારીગર અલ્પેશ વિરુદ્ધ ૧૪૦૦ ગ્રામ સોનાની ઠગાઈ અંગેની ફરિયાદ નોંધાવી હતી. વિશાલભાઈના પરિવારનો આક્ષેપ છે કે આ કેસના અનુસંધાને પોલીસે તેમના ઘરે જઈને સામાન વેરવિખેર કરી નાખ્યો હતો.

પોલીસ પૂછપરછ માટે બોલાવશે અને ત્યાં તેમને ઢોર માર મારવામાં આવશે તેવા ડર અને અપમાનિત થવાની બીકે દંપતીએ આત્મહત્યા કરવાનું નક્કી કર્યું હતું.આ વિવાદ માત્ર પોલીસ ફરિયાદ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેમાં અપહરણ જેવી ગંભીર ઘટના પણ બની ચુકી છે. અગાઉ આતીફભાઈએ રાજકોટઆવીને વિશાલભાઈનું અપહરણ કર્યું હોવાનું સામે આવ્યું છે. તે સમયે વિશાલના પત્ની પૂજાબેને સમયસૂચકતા વાપરીને આતીફની પત્નીને ફોન કરીને જાણ કરી હતી, જેના દબાણમાં આવીને આરોપીઓ વિશાલને બગોદરા પાસે છોડીને ભાગી ગયા હતા. સતત મળી રહેલી ધમકીઓ અને કાયદાકીય ગુંથવણો વચ્ચે ઘેરાયેલા આ સોની દંપતીએ આખરે કંટાળીને આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવે છે. હાલ પોલીસે વિશાલભાઈએ કરેલા આક્ષેપો મામલે વધુ તપાસ કરી રહી છે અને હોસ્પિટલમાં દંપતીની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

### પતિનો આપઘાતનો પ્રયાસ

સાધુવાસવાણી રોડ પર દર્શન પાર્કમાં રહેતાં યુવકની પત્ની પર પુરૂષ સાથે ભાગી ગયા બાદ પરત નહીં આવતાં યુવાને ફિનાઈલ પી લેતા યુવકની તબિયત લથડતાં સારવાર માટે ખસેડવામાં આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સાધુવાસવાણી રોડ પર આવેલા દર્શન પાર્કમાં રહેતાં ભાવેશ કિશોરભાઈ વાઘેલા નામનો ૨૪ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે મધરાત્રે ફિનાઈલ પી લીધું હતું. યુવકની તબિયત લથડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. પીપળીયા ગામે રહેતા ફૈઈની દીકરી કોમલ સાથે સાત વર્ષ પહેલા લગ્ન થયા હતાં અને છેલ્લા પંદર દિવસથી પત્ની કોમલબેન ગોંડલમાં રહેતાં યુવક સાથે ભાગી ગઈ હતી. પત્ની પ્રેમી સાથે ઝડપાઈ ગયા બાદ ઘરે પરત નહીં આવતાં ભાવેશ વાઘેલાએ ફિનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત બીજા બનાવમાં રેલનગર વિસ્તારમાં છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં રહેતાં રાહીલ હનીફભાઈ ગણીયા (ઉ.૨૪) ભીલવાસમાં હતો ત્યારે મગજ ભમતા ઝેરી ટીકડા ખાઈ લીધા હતાં. યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ જિ.પં.ના ૧૧૭ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે ૯,૫૬,૫૭૫ મતદાર

## કોટડાસાંગાણી બેઠક પર સૌથી વધુ ૩૫,૪૪૦ મતદારો જ્યારે બેડલા બેઠક પર સૌથી ઓછા ૧૮, ૭૫૬ મતદાર




રાજકોટ, તા. ૧૫

રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો પર ૧૧૭ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે જેમનું ભવિષ્ય ૯.૫૬ લાખ મતદારો નક્કી કરશે. આણંદપર બેઠક પર ૧૨૫૩૬ પુરુષ મતદાર છે જ્યારે ૧૦,૯૧૬ સ્ત્રી મતદારો છે એમ કુલ ૨૩,૪૫૨ મતદારો છે. બીજી તરફ આટકોટ બેઠકની વાત કરવામાં આવે તો ૧૨૫૮૮ પુરુષ મતદારો, ૧૧,૬૫૧ સ્ત્રી મતદારો ૨૪,૨૩૯ કુલ મતદારો નોંધાયા છે. બેડી બેઠક પર ૧૦,૨૯૯ પુરુષ મતદાર, ૯૦૭૮ સ્ત્રી મતદાર જ્યારે ૧૯,૩૭૭ કુલ મતદારો નોંધાયા છે. બેડલા બેઠક પર જો વાત કરવામાં આવે તો ૧૦૦૯૦ પુરુષ મતદાર, ૮૬૬૬ સ્ત્રી મતદાર જ્યારે ૧૮૭૫૬ કુલ મતદારો નોંધાયા છે.

ભાડલા બેઠક પર તો વાત કરવામાં આવે તો ૧૫૨૯૭ પુરુષ મતદારોની સાથે ૧૩૭૮૯ મહિલા મતદાર નોંધાયા છે. ભડલી બેઠક પર ૧૭૩૭૪ પુરુષ મતદાર, તથા ૧૫૭૬૫ સ્ત્રી મતદારની સાથે કુલ ૩૩૧૩૯ મતદારો નોંધાયા કેમ છે. બોરડી સમઢીયાળા બેઠકની જો વાત કરવામાં આવે તો ૧૨,૫૯૨ પુરુષ મતદારોની સાથે મહિલા મતદારોની સંખ્યા ૧૧,૩૬૯ નોંધાય છે જ્યારે કુલ મત તારો ૨૩, ૯૬૧ થયા છે. ચરખડી બેઠક પર પુરુષ મતદારોની સંખ્યા ૧૩૧૭૮, જ્યારે ૧૨૧૧૩ મહિલા મતદારો નોંધાયા છે અને કુલ મતદારોનો આંકડો ૨૫,૨૯૧ એ પહોંચ્યો છે. દડવી બેઠક પર ૧૫,૭૮૧ પુરુષ મતદાર, ૧૪,૨૪૩ મહિલા મતદાર જ્યારે ૩૦૦૨૪ કુલ મતદાર નોંધાયા છે. દેરડી બેઠક પર ૧૫૬૯૨ પુરુષ મતદાર, ૧૪૩૭૦ સ્ત્રી મતદાર જ્યારે ૩૦૦૬૨ કુલ મતદારો નોંધાયા છે. ડુમિયાણી બેઠક પર ૧૩૬૩૬ પુરુષ મતદાર, ૧૨૧૭૮ સ્ત્રી મતદાર જ્યારે ૨૫,૮૧૪ કુલ મતદાર નોંધાયા છે. જામકંડોરણા બેઠક પર આશરે ૧૬૦૫૭ પુરુષ મતદાર, ૧૪,૬૨૧ મહિલા મતદાર અને ૩૦,૬૭૮ કુલ મતદારો નોંધાયો છે.

કમળાપુર બેઠક પર ૧૨,૩૧૪ પુરુષ મતદાર, ૧૧,૩૪૨ મહિલા મતદાર તથા ૨૩,૬૫૬ કુલ મતદાર નોંધાયા છે. કસ્તુરબાધામ બેઠક ૧૩,૮૬૫ પુરુષ મતદાર, ૧૨,૨૨૬ મહિલા મતદાર એમ કુલ મતદાર ૨૬, ૦૯૧ નોંધાયા છે. કોલીથડ બેઠક પર ૧૪, ૬૯૮ પુરુષ મતદાર, ૧૩૬૫૫ મહિલા મતદાર અને ૨૮,૩૫૩ કુલ મતદાર નોંધાયા છે. કોલકી બેઠકની વાત કરવામાં આવે તો ૧૧,૯૯૪ પુરુષ મતદાર, ૧૧,૧૭૨ મહિલા મતદાર અને ૨૩,૧૬૬ કુલ મતદાર નોંધાયા છે. કોટડા સાંગાણી બેઠક પર પુરુષ મતદારોની સંખ્યા ૧૮૪૩૪, મહિલા મતદારોની સંખ્યા ૧૭, ૦૦૬ જ્યારે કુલ મતદારોની સંખ્યા ૩૫,૪૪૦ નોંધાય છે. કુવાડવા બેઠક પર પુરુષ મતદારોની સંખ્યા ૧૨, ૦૮૭ , મહિલા મતદારોની સંખ્યા ૧૦,૮૭૨ તથા કુલ મતદારોની સંખ્યા ૨૨,૯૫૯ નોંધાય છે. લોધિકા બેઠકની વાત કરવામાં આવે તો ૧૧,૯૯૬ પુરુષ મતદારોની સાથોસાથ ૧૧૦૨૮ મહિલા મતદાર નોંધાયા છે જ્યારે કુલ મતદારોની સંખ્યા ૨૩,૦૨૪ નોંધાય છે. મોટીમારડમાં ૧૩૮૪૫ પુરુષ મતદાર, ૧૨૨૧૦ મહિલા મતદાર, જ્યારે કુલ મતદાર ૨૬૦૫૫ નોંધાયા છે . મોવિયા બેઠકની વાત કરવામાં આવે તો ૧૨,૭૭૮ પુરુષ મતદારોની સાથે ૧૧,૬૨૬ મહિલા મતદારો નોંધાયા છે અને કુલ મતદારોને સખ્યા ૨૪૪૦૪ નોંધાઈ છે. પડધરી બેઠક પર ૧૬, ૧૮૬ પુરુષ મતદારો, ૧૪,૮૧૭ મહિલા મતદાર તથા કુલ મતદાર ૩૧૦૦૩ નોંધાયા છે. પાનેલી મોટીમાં ૧૩,૨૪૩ મતદારો, ૧૧, ૭૫૧ મહિલા તથા કુલ મતદાર ૨૪,૯૯૪ નોંધાયા છે. પારડી બેઠકમાં ૧૨૪૦૪ ની સાથે ૧૧૧૭૪ મહિલા મતદાર નોંધાય છે જ્યારે કુલ મતદારોની સંખ્યા ૨૩,૫૭૮ છે. પેઢલા બેઠક પર ૧૩ ૫૬૪ પુરુષ મતદાર, ૧૨૨૫૧ મહિલા મતદાર અને ૨૫,૮૧૫ કુલ મતદાર નોંધાયા છે. પીપરડી બેઠક પર ૧૫૨૪૧ પુરુષ મતદાર, મહિલા મતદારો ૧૩,૮૪૯ અને કુલ મતદારો ૨૯, ૦૯૦ નોંધાયા છે.

સાણથલી બેઠક પર ૧૨૩૫૩ પુરુષ મતદારની સાથે ૧૧,૪૯૦ મહિલા મતદારોને કુલ મતદારો ૨૩,૮૪૩ નોંધાયા છે. સરપદડ બેઠક પર ૧૫, ૮૫૨ પુરુષ મતદારો, ૧૪,૭૪૦ મહિલા મતદારો જ્યારે ૩૦,૫૯૨ કુલ મતદારો નોંધાયા છે. સરધારની વાત કરવામાં આવે તો ૧૨,૬૨૮ પુરુષ મતદાર, ૧૧,૨૭૦ મહિલા મતદાર અને કુલ મતદાર ૨૩૮૯૮ મતદાર નોંધાયા છે. શિવરાજગઢ બેઠક પર ૧૬,૨૦૪ પુરુષ મતદાર મહિલા મતદારની સંખ્યા ૧૪,૭૯૦ જ્યારે કુલ મતદારો ૩૦,૯૯૪ નોંધાયા છે. શિવરાજપુર બેઠક પર ૧૨,૩૪૯ પુરુષ મતદાર, ૧૧,૪૭૩ મહિલા મતદાર જ્યારે ૨૩,૮૨૨ કુલ મતદારો નોંધાય છે. સુપેડી બેઠકની વાત કરવામાં આવે તો ૧૩,૫૧૩ પુરુષ મતદાર, ૧૨૨૨૭ મહિલા મતદાર જ્યારે કુલ મતદાર ૨૫,૭૪૦ નોંધાયા છે. થાણાગાલોર બેઠક પર ૧૩૦૫૭ પુરુષ મતદાર, ૧૧,૮૫૪ મહિલા મતદર અને ૨૪,૯૧૧ કુલ મતદારો નોંધાયા છે.

વેરાવળ બેઠકની વાત કરવામાં આવે તો અહીં ૧૬,૨૯૫ પુરુષ મતદારોની સાથે ૧૪,૩૪૧ મહિલામાં ઉતારો છે અને ૩૦૬૩૬ કુલ મતદારો નોંધાયો છે. વિછીયા બેઠક પર ૧૭૨૮૩ પુરુષ મતદારોની સાથે ૧૫૯૯૯ મહિલા મતદાર અને કુલ ૩૩,૨૮૨ કુલ મતદારો નોંધાય છે. જ્યારે વીરપુર બેઠક પર ૧૪,૩૭૯ પુરુષ મતદાર, ૧૨૯૭૧ મહિલા મતદાર અને ૨૭,૩૫૦ કુલ મતદારો નોંધાયા છે.

---

### ગોકળગાય ગતિએ કામ કરતું મનપા

# સાંઢીયો પુલ લોકો માટે જૂન મહિનામાં ખૂલશે

### કામદારોનો અભાવ, મટીરીયલની અછતના પગલે કામગીરી અધરતાલ : હજુ દોઢ મહિનો ટ્રાફિક સમસ્યાથી લોકોએ પીવડાવવું પડશે



રાજકોટ , તા. ૧૫

મહાનગરપાલિકાની અનેકવિધ કામગીરીને લઈને ભૂતકાળમાં પણ ઘણા ખરા પ્રશ્નો ઉભા થયેલા છે અને તેનું નિવારણ લાવવામાં પોતે તંત્ર પણ નિષ્ફળ નીવડ્યું. ત્યારે મહત્વની વાત તો એ છે કે હાલ જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને જે પણ પ્રોજેક્ટ ચાલુ છે અને સમયસર પૂર્ણ થયા નથી તેનાથી મહાનગરપાલિકાની છબી ખરડાઈ છે. તો સામે લોકોએ પણ ભારે હાલાકી નો સામનો કરવો પડ્યો છે. સાંઢીયો પુલ એમાંનો એ પ્રોજેક્ટ છે કે જેનાથી અનેક લોકોને ફાયદો પહોંચશે પરંતુ તારીખ પે તારીખ જેવી સ્થિતિ જોવા મળી રહી છે જે મહિનામાં પુલ શરૂ કરવાની વાત હતી તે મહિનામાં પુલ શરૂ થયો નહીં ઊલટું રેલવેની કામગીરી અને માન્યતા આપવાના બહાને મુહૂર્ત પણ પાછું ઠેલવાયું. પરંતુ વાસ્તવિકતા તો એ છે કે મહાનગરપાલિકાની ઢીલી નીતિ કારણભૂત છે. હાલ આ બાબતે હવે સ્પષ્ટતા કરવામાં આવી છે કે જૂન મહિનામાં સાંઢીયા પુલ લોકો માટે ખુલ્લો મુકવામાં આવશે.

સાંઢિયા પુલ નિર્માણમાં મહાનગરપાલિકાના કર્મચારીઓ તથા અધિકારીઓની ઢીલી કારણભૂત નીવડી છે. ત્યારે એપ્રિલ મહિનામાં શરૂ થનારો બ્રિજ હવે જૂન મહિનામાં શરૂ થશે તેવું મનપાના અધિકારીએ જણાવ્યું છે. પહેલા આચારસંહિતાનું બહાનું આપવામાં આવ્યું હતું અને હવે કામદારો મળતા ન હોવાની વાત અધિકારી દ્વારા કહેવામાં આવી છે જે અત્યંત ચોંકાવનારી છે. સિટી ઈજનેર અતુલ રાવલે માહિતી આપતા જણાવ્યું હતું કે માર્ચ મહિનામાં કામદારો મળ્યા નથી જેના કારણે જે ગતિથી પુલનું કામ થવું જોઈએ તે થયું નથી તો બીજી તરફ ઈરાન અમેરિકા યુદ્ધ વચ્ચે હાલ રો મટીરીયલ અને અન્ય ચીજ વસ્તુઓની અછત પણ સર્જાય છે ત્યારે મટીરીયલ માટે જે ઓર્ડર આપવામાં આવતો હોય તેને આવતા ૧૫ થી ૨૦ દિવસ જેટલો માતબર સમય પણ લાગે છે પરિણામ સ્વરૂપે હાલ બ્રિજ નિર્માણનું કામ અધરતાલ થયું છે. ત્યારે મે મહિનાના અંત સુધીમાં બ્રિજનું નિર્માણ કાર્ય પૂર્ણ કરી દેવામાં આવે તે પ્રકારની હાલ કામગીરી હાથ ધરાઇ રહી છે અને જૂનના પ્રથમ સપ્તાહમાં બ્રિજ લોકો માટે ખુલો મૂકી દેવામાં આવશે.

સાંઢીયા પુલ નું કામ ગોકળગાયગતિએ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યું છે . અગાઉ પણ અનેક વખત આ બ્રિજ નિર્માણનું કાર્ય ઝડપભેર પૂર્ણ કરવા કહેવામાં આવ્યું હતું. પરંતુ કોઈને કોઈ કારણે આ બ્રિજ નિર્માણનું કામ સમયસર પણ થતું ન હોવાથી આસપાસના વિસ્તારોના લોકોને ભારે ટ્રાફિકની સમસ્યાનો સામનો પણ કરવો પડતો. હાલની જે વિગતો આવી છે તેને ધ્યાને લેવામાં આવે તો હજુ પણ દોઢ મહિનો ભોમેશ્વરના રહેવાસીઓએ ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડશે. જે સમયે આચારસંહિતાની અમલવારી થઈ તે સમયથી જ એ વાતનો અંદાજો આવી ગયો હતો કે સાંઢીયો પુલ એક માસમાં શરૂ નહીં થાય ભલે અધિકારીઓ દ્વારા અનેકવિધ વખત બણગા ફૂકવામાં આવ્યા હોય. આચારસંહિતા લાગુ થતા જ આ કામગીરી પર બ્રેક લાગી ગઈ છે. સાંઢીયો પુલ નું કામ પણ પૂર્ણ થવાના આળે છે. પરંતુ આચાર સંહિતાની અમલવારી શરૂ થતા જ કામગીરી પણ ઢીલી થઈ ગઈ છે ત્યારે આગામી માસમાં બ્રિજને ખુલ્લો મુકવામાં આવે અને નવી બોડી જ તેનું લોકાર્પણ કરે તે પ્રકારની વ્યવસ્થા હાલ ઉભી કરવામાં આવી હોવાનું પણ જાણકાર વર્તુળો કઈ રહ્યા છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનેકવિધ પ્રોજેક્ટની અમલવારી ભૂતકાળમાં પણ કરવામાં આવી હતી પરંતુ ઘણા ખરા પ્રોજેક્ટ વર્ષો સુધી ચાલે અને છેલ્લે અંતિમ રૂપ આપવાનું હોય તે સમય પણ ખાસો લાંબો થઈ ગયો હોય . અને એ પ્રોજેક્ટના પગલે લોકોએ હેરાન પણ થવું પડે છે. હાલ લોકોએ ટ્રાફિકની સમસ્યાનો પણ સામનો કરવો પડી રહ્યો છે ત્યારે સાંઢીયા પુલ વહેલાસર ખુલે તે હેતુ સ્થાનિક લોકો દ્વારા પુલનું કામ ઝડપથી પૂર્ણ કરવા માટે પણ જણાવ્યું છે અને ખાસ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે કે સાંઢીયો પુલ તાકીદે ખુલી જાય જેથી વધુ કોઈ પ્રશ્ન ઊભા ન થાય.

હાલ ટ્રાફિકનો પ્રશ્ન પણ આ વિસ્તારમાં લોકોને હેરાન કરી રહ્યો છે કારણ કે યોગ્ય વ્યવસ્થા ના અભાવે સવારે અને સાંજે ટ્રાફિકથી ભોમેશ્વર વિસ્તાર એ સ્થિતિમાં જોવા મળે છે કે ઘરની બહાર બાળકોને મોકલવામાં પણ વાલીઓ સો વખત વિચારે. હાલ અહીં વસતા રહેવાસીઓના જણાવ્યા અનુસાર તાકીદે ફુલ શરૂ થાય તે ખૂબ જરૂરી છે જેથી ટ્રાફિકના પ્રશ્નોનું નિવારણ આવી શકે.

---

# મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ જ ભાજપને હરાવશે!

### જે વોર્ડમાં બ્રાહ્મણ, સોની મહાજન, વણિક કે રઘુવંશી સમાજના વધુ મતદારો છે તેવા વોર્ડમાં પણ પાયાના કાર્યકરોને ટિકિટ ન મળતાં ભાજપમાં ભારેલો અગ્નિ જેવી સ્થિતિ



દરેક વોર્ડમા આંતરિક રોષ વચ્ચે પાયાના નેતાઓ અને કાર્યકરો પ્રચારથી દુર રહે તેવી સ્થિતિ : મતદારો પણ મહાપાલિકામાં સબળ વિરોધપક્ષ લાવવાના મુડમાં !

રાજકોટ , તા. ૧૫

રાજકોટ મહાનગરપાલિકાનું ચૂંટણી ચિત્ર ગઈકાલે ઉમેદવારી પત્ર પરત ખેંચવાની પ્રક્રિયા પુર્ણ થવા સાથે સ્પષ્ટ થયું છે. પણ, ગત શુક્રવારે ઉમેદવારોના નામની જાહેરાત સાથે રાજકોટ ભાજપમાં શરૂ થયેલો વિરોધ વંટોળ હજી શાંત પડ્યો નથી. જ્યાં બ્રાહ્મણ, સોની મહાજન, વણિક કે રઘુવંશી મતદારોની સંખ્યા વધુ છે તેવા વોર્ડમાં પણ સવર્ણ જ્ઞાતિના ઉમેદવારોની પસંદગી કરવાને બદલે બાહુબલીઓ અને આર્થિક રીતે સંપન્ન ઉમેદવારો પર પસંદગીનો કળશ ઢોળવામા આવતા સવર્ણ સમાજના મતદારોમાં રોષ જાગ્યો છે. જે કાર્યકરોએ દિવસ રાત મહેનત કરીને પોતાના વોર્ડમાં ભાજપનો પાયો મજબુત કર્યો છે તેવા કાર્યકરોની પસંદગી કરવાને બદલે તેનો છેદ ઉડાડી દેવાતા અનેક આગેવાનો અને કાર્યકરો નારાજ થયા છે. આવા આગેવાનો અને કાર્યકરો ચૂંટણી પ્રચારમાં નિષ્ક્રિય ન બને તે માટે પ્રદેશ પ્રમુખને રાજકોટ દોડી આવીને કાર્યકરોને મનદુખ ભુલીને પાર્ટીને પ્રાધાન્ય આપીને પ્રચાર કાર્યમાં લાગી જવા માટે અનુરોધ કરવો પડ્યો છે. ત્યારે પાયાના કાર્યકરો અન્યાય મુદ્દે પ્રચારમાં નિષ્ક્રિય રહે તો મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ જ ભાજપને હરાવે તેવી સ્થિતિ નકારી શકાય તેમ નથી તેવું રાજકિય નિરીક્ષકો માની રહ્યા છે.

શહેરના અનેક વોર્ડમાં જ્યાં સવર્ણ જ્ઞાતિના વધુ મતદારો છે ત્યાં પણ સવર્ણ સમાજના પાયાના પથ્થર જેવા કાર્યકરોને ટિકિટ ન આપીને ભાજપએ આ વખતે બાહુબલીઓની પસંદગી કરી છે. વોર્ડ નં. ૧૩-૧૪ અને ૧૭માં બ્રાહ્મણ જ્ઞાતિ સોની સમાજ, લુહાણા અને જૈન સમાજના મતદારો સૌથી વધુ છે. આમાં વોર્ડ નં. ૧૪માં બ્રાહ્મણ મતદારો સૌથી વધુ છે. તે વોર્ડમાં પણ પાયાના કાર્યકરોને અન્યાય કરવામાં આવ્યો હોય અનેક કાર્યકરો ભાજપને રામરામ કરી કોંગ્રેસનો હાથ પકડે તેવી શક્યતા હોવાનું રાજકિય નિરીક્ષકો માની રહ્યા છે.

આવી પરિસ્થિતિ અનેક વોર્ડમાં છે. જે વોર્ડમાં સામાન્ય બેઠક પર બ્રાહ્મણ, મહાજન, વણિક કે રઘુવંશી સમાજના ઉમેદવારોની પસંદગી થઈ શકે તેમ હતી તેવી બેઠકો ઉપર પણ પ્રદેશ મોવડી મંડળ અને શહેર ભાજપએ સવર્ણ સમાજના ટિકિટ વાંચ્છુ ઉમેદવારોનો છેદ ઉડાડી બીજા વોર્ડમાંથી આયાતી ઉમેદવારોને ટિકિટ આપી છે. આવા વોર્ડમાં રઘુવંશી સમાજના એક પણ પુરૂષ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી નથી. આવાં અનેક વોર્ડમાં ભાજપ મોવડી મંડળ ઉમેદવારોની પસંદગી કરવામાં થાપ ખાઇ ગયાનું રાજકિય નિરીક્ષકો માની રહ્યા છે.

**ટિકિટ ફાળવણીમાં સવર્ણ જ્ઞાતિને અન્યાય થવાથી ભાજપનો આંતરિક વિવાદ ચરમસિમાએ**

વોર્ડ ન.૨માં પણ આવી જ સ્થિતિ છે. આ વોર્ડમાં કાઠી સમાજના અનેક આગેવાનો અને કાર્યકરો ભાજપને સમર્પિત છે પણ, આ વોર્ડમાં કાઠી સમાજના ઉમેદવારોની પસંદગી કરવામાં આવી નથી. રાજકિય નિરીક્ષકોના મત અનુસાર રાજકોટના તમામ ધારાસભ્યો વિધાનસભા મત વિસ્તાર મુજબ આવતા વોર્ડમાંથી પોતાના લાગતાં વળગતાંઓને ટિકિટ અપાવવામાં આગળ રહ્યા હતા. હવે ચૂંટણી નજીક આવી રહી છે છતાં ભાજપનો આંતરિક વિખવાદ શાંત પડવાનું નામ લેતો નથી અને કાર્યકરોનો રોષ ભારેલા અગ્નિ જેવો છે ત્યારે, હવે ધારાસભ્યો પિછેહઠ કરીને શહેર સંગઠ્ઠનને કામ કરવા માટે આગળ કરી રહ્યા છે. આ કારણે શહેર સંગઠ્ઠનમાં પણ ધારાસભ્યો સામે આંતરિક ઘુંઘવાટ જોવા મળી રહ્યો છે. શહેર ભાજપના ભૂતપુર્વ હાદ્દેદારો, માજી પ્રમુખો, પ્રદેશ ભાજપના આગેવાનોમાં આંતરિક દાવાનળ સાથે ભારોભાર વિરોધ છે. આવી જ રીતે ભાજપના પુર્વ શાસકો પણ આંતરિક જૂથવાદ, વાદ વિવાદમાં રચ્યાપચ્યા રહીને પ્રજાકિય પ્રશ્ને નિષ્ક્રિય રહેતા શહેરીજનોમાં પણ ભારોભાર રોષ છે. અને મહાનગર પાલિકામાં સબળ વિરોધશપક્ષ તો હોવો જ જોઇએ તેવું કહી રહ્યા છે. મહાનગરપાલિકાના ૧૮ વોર્ડમાં ભાજપના મતદારોમાં બ્રાહ્મણ,વાણિયા, સોની અને લોહાણા જ્ઞાતિ વધુ છે. આમછતાં શહેર ભાજપ અને પ્રદેશ ભાજપ દ્વારા ઓબીસીમાં એક ચોક્કસ જ્ઞાતિના સાત થી આઠ ઉમેદવારોને ટિકિટ આપીને ભારોભાર અન્યાય કર્યાનો વસવસો જ્ઞાતિ આગેવાનો પણ વ્યક્ત કરી રહ્યા છે. રાજકિય નિરીક્ષકો એવું કહે છે કે, શહેર ભાજપમાં આંતરિક વિખવાદ ચરમસિમાએ છે. આ કારણે સિનિયર આગેવાનો કે ભૂતપુર્વ ધારાસભ્યોનું માર્ગદર્શન પણ લેવામાં આવતું નથી કે તેમને કામગીરીની કોઇ મહત્વની જવાબદારી સોંપવામાં આવતી નથી.

### શહેર ભાજપ પ્રમુખ માધવ દવે ખાંડ કરતાં પણ મિઠા છે : બધાને હા એ હા કરે છે !

શહેરના રાજકિય આગેવાનો હળવા મુડમાં એવું કહી રહ્યા છે કે, હાલના શહેર ભાજપ પ્રમુખ માધવ દવે ખાંડ કરતાં પણ મીઠા છે. તેઓ કોઈને ના પાડતાં નથી.બધાને હા એ હા કરે છે. કોઈને પણ ડાયાબિટિસ થઇ જાય તેવી મિઠાશ માધવ દવે વાપરે છે. આશ્ચર્યની વાત તો એ છે કે તેઓને પ્રદેશ ભાજપનું પુરતું સમર્થન છે અને સ્વતંત્ર નિર્ણય લેવાની છૂટ છે. આમછતાં તેઓ ધારાસભ્યો અને શહેર ભાજપના માજી આગેવાનોની સલાહ મુજબ ચાલી રહ્યા છે.